



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue-46 | AD - 2025, Kartak Vad-14 | Wednesday, Dt.19-11-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### માઓવાદી હિડમા માટે આશરે ૧ કરોડનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું

## તેલંગાણા સરહદ પર સુરક્ષાદળોએ પાંચ માઓવાદીઓને ઠાર માર્યા

હૈદરાબાદ,તા.૧૮

આંધ્રપ્રદેશમાં સુરક્ષા દળોએ મોસ્ટ વોન્ટેડ માઓવાદી હિડમાને ઠાર મરાવ્યો છે. આંધ્રપ્રદેશ-તેલંગાણા સરહદ પર થયેલ એન્કાઉન્ટરમાં તેમની પત્ની હેમા પણ માર્યા ગયા હતા. જોકે આંધ્રપ્રદેશના ડીજીપી હરીશ ગુપ્તાએ હજુ સુધી ઓપરેશનની ઔપચારિક જાહેરાત કરી નથી, પરંતુ તેમણે આજે સવારે કોમ્બિંગ ઓપરેશન વિશે માહિતી આપી હતી. માઓવાદી હિડમા માટે આશરે ૧ કરોડનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. અહેવાલો અનુસાર, પોલીસ અને માઓવાદીઓ વચ્ચે એન્કાઉન્ટર સવારે ૬ થી ૭ વાગ્યાની વચ્ચે થયું હતું. આંધ્રપ્રદેશની સરહદે આવેલા જંગલોમાં માઓવાદી પ્રવૃત્તિમાં વધારો થયો હોવાની માહિતી મળ્યા બાદ પોલીસે સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. ત્યારબાદ માઓવાદીઓએ ગોળીબાર કર્યો, જેના કારણે પોલીસે વળતો જવાબ આપ્યો. એવું કહેવાય છે કે હિડમા અને હેમા, તેમને સુરક્ષા પૂરી પાડતા અન્ય ચાર માઓવાદીઓ સાથે, એન્કાઉન્ટરમાં માર્યા ગયા હતા. માધવી હિડમા છત્તીસગઢના સુકમા જિલ્લાના પૂર્વવર્તી ગામના મુરિયા આદિવાસી સમુદાયના છે. તે બાલ સંઘ દ્વારા માઓવાદી પક્ષમાં જોડાયો હતો. હિડમા, જે તેના અનુયાયીઓમાં શિક્ષણના પ્રબળ હિમાયતી હતા, તેમણે માઓવાદીઓ દ્વારા સંચાલિત શાળામાં પોતાની પ્રવૃત્તિઓ શરૂ



કરી હતી. તેમણે કિશનજી ઉર્ફે ભદ્રન્નાના નેતૃત્વ હેઠળ સશસ્ત્ર સંઘર્ષમાં પ્રવેશ કર્યો. જ્યારે હિડમા જે ગુરુગોંડા ફિલ્ડ ફોર્સના કમાન્ડર હતા, ત્યારે તેમણે વરિષ્ઠ નેતા નંબલા કેશવ રાવના નેતૃત્વ હેઠળ ચિંતલનાર-ટેકુમેતલા હુમલાનું નેતૃત્વ કર્યું હતું. આ હુમલામાં ૭૬ સીઆરપીએફ સૈનિકો માર્યા ગયા હતા. આનાથી હિડમાને માઓવાદી પક્ષમાં ખાસ ઓળખ મળી. લગભગ ૨૫ વર્ષ પહેલાં છુપાઈ ગયેલા હિડમા તે સમયે માઓવાદી પક્ષની કેન્દ્રીય સમિતિના સૌથી નાના સભ્ય હતા. ગયા અઠવાડિયે, છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી હિડમાની માતાને મળ્યા અને હિડમાની શરણાગતિ વિશે વાત કરી. તાજેતરના વર્ષોમાં માઓવાદીઓ માટે આ સૌથી મોટો ફટકો છે, અને એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે માધવી હિડમાનું મૃત્યુ દેશમાં નક્સલવાદના કાઉન્ટડાઉનની શરૂઆત કરી શકે છે. છત્તીસગઢના સુકમા જિલ્લામાં જન્મેલા માધવી હિડમાએ ૧૬ વર્ષની ઉંમરે શસ્ત્રો ઉપાડ્યા હતા. એક કેડર તરીકે શરૂઆત કરીને, તેમણે છેલ્લા બે દાયકામાં પ્રતિબંધિત કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માઓવાદી) માં અનેક મહત્વપૂર્ણ હોદ્દાઓ સંભાળ્યા હતા. હિડમા ઘણા મોટા હુમલાઓનો માસ્ટરમાઈન્ડ હતો અને સરકારે તેના પર ૧ કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. માધવી હિડમા નક્સલીઓના સૌથી ખતરનાક લશ્કરી એકમ ગણાતા સીપીઆઈ-માઓવાદીઓની બટાલિયન નંબર વનના કમાન્ડર હતા. હિડમા દંડકારણ્ય ક્ષેત્રના ગાઢ જંગલોમાં રહેતો હતો અને તેને અબુઝમાડ અને સુકમા-બીજાપુર જંગલ વિસ્તારોનું વ્યાપક જ્ઞાન હતું. આ જ કારણ હતું કે અનેક પ્રયાસો છતાં તે લાંબા સમય સુધી સુરક્ષા દળોથી બચી ગયો. હિડમા હાલમાં બસ્તર દક્ષિણ ક્ષેત્રમાં સક્રિય હતો.

## SIR સામે તામિલનાડુ અને કેરળે સુપ્રિમ કોર્ટના દરવાજા ખખડાવ્યા

કોચીન,તા.૧૮

પશ્ચિમ બંગાળ બાદ કેરળ અને તમિલનાડુમાં ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) સામે વિરોધ વધી રહ્યો છે. તમિલનાડુમાં, BLO સાથે તહસીલદાર સ્તર સુધીના અધિકારીઓએ મંગળવારથી બહિષ્કારની જાહેરાત કરી છે.તમિલનાડુ મહેસૂલ કર્મચારી યુનિયનોએ જણાવ્યું હતું કે તેઓ કામનો ભાર, માણસોની કમી, સમય મર્યાદાના દબાણ અને અધુરી ટ્રેનિંગ અને



વેતન સામે વિરોધ પ્રદર્શન કરશે.આ દરમિયાન, કેરળ સરકારે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ પૂર્ણ થાય ત્યાં સુધી SIR મુલતવી રાખવાની માંગ સાથે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. રાજ્યની દલીલ છે કે સ્થાનિક ચૂંટણીઓ સાથે SIRનું એકસાથે આયોજન કરવું મુશ્કેલ છે.ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અત્યાર સુધીમાં ૫૦.૧૧ કરોડ ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું છે. ફોર્મ ૯૮.૩૨% મતદારો સુધી પહોંચી ગયા છે.ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (IUML) એ કેરળમાં ચાલી રહેલી SIR પ્રક્રિયાને રોકવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે, જેમાં દલીલ કરવામાં આવી છે કે SIR અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ એકસાથે યોજાઈ શકે નહીં.અરજીમાં જણાવાયું છે કે સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ ૯ અને ૧૧ ડિસેમ્બરના રોજ બે તબક્કામાં યોજાવાની છે, જ્યારે SIR ડ્રાફ્ટ ૪ ડિસેમ્બરના રોજ પ્રકાશિત થવાનો છે. આનાથી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી પ્રક્રિયા પર અસર પડશે.

### કેન્દ્ર સરકારને દેશમાં બાળક દત્તક લેવાની પ્રક્રિયા સરળ બનાવવા માટે નિર્દેશ આપ્યો

## ભારતમાં દર આઠ મિનિટે એક બાળક ગૂમ થયાના સમાચાર બાદ સુપ્રિમ કોર્ટ ચિંતિત

ન્યુ દિલ્હી,તા.૧૮

સુપ્રીમ કોર્ટે મંગળવાર(૧૮મી નવેમ્બર)ના રોજ એક અહેવાલ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે દેશમાં દર આઠ મિનિટે એક બાળક ગુમ થાય છે. જસ્ટિસ બી. વી. નાગરત્ના અને આર. મહાદેવનની બેન્ચે આ મુદ્દાને અત્યંત ગંભીર ગણાવ્યો હતો અને કેન્દ્ર સરકારને દેશમાં બાળક દત્તક લેવાની પ્રક્રિયા સરળ બનાવવા માટે તાત્કાલિક પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો.જટિલ દત્તક પ્રક્રિયા ગેરકાયદે માર્ગો તરફ



દોરી જાય છે.સુનાવણી દરમિયાન જસ્ટિસ બી. વી. નાગરત્નાએ ગુમ થયેલા બાળકોના આંકડા પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'મેં સમાચારોમાં વાંચ્યું હતું કે ભારતમાં દર આઠ મિનિટે એક બાળક ગુમ થાય છે. મને ખબર નથી કે આ સાચું છે કે નહીં. પરંતુ તે એક ગંભીર મુદ્દો છે.'તેમણે ટિપ્પણી કરી હતી કે, 'બાળક દત્તક લેવાની પ્રક્રિયા જટિલ હોવાથી, તેનું ઉલ્લંઘન થવું સ્વાભાવિક છે અને લોકો બાળકો મેળવવા માટે ગેરકાયદે માર્ગોનો આશરો લે છે. આ પ્રક્રિયાને સરળ બનાવવી જોઈએ.' અગાઉ ૧૪મી ઑક્ટોબરે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગુમ થયેલા બાળકોના કેસ સંભાળવા માટે નોડલ અધિકારીની નિમણૂક કરવા અને તેમની વિગતો મિશન વાત્સલ્ય પોર્ટલ પર અપડેટ કરવા નિર્દેશ આપ્યો હતો.

## તા.૨૫મીએ પીએમ મોદી અયોધ્યા પર ધજા ફરકાવશે

અયોધ્યા,તા.૧૮

અયોધ્યામાં રામ મંદિર પર ધજા ફરકાવવાની તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ છે. ૨૫ નવેમ્બરના રોજ, પીએમ નરેન્દ્ર મોદી બટન દબાવીને ધ્વજ ફરકાવશે. તેમની સાથે મોહન ભાગવત પણ હાજર રહેશે. આ કાર્યક્રમ માટે બપોરે ૧૨ થી ૧૨:૩૦ વાગ્યા વચ્ચે અભિજિત મુહૂર્ત નક્કી કરવામાં આવ્યું છે.કેસરી રંગના ધ્વજમાં સૂર્ય, અને કોવિદાર (અયોધ્યાનું શાહી વૃક્ષ, જેને કચનાર તરીકે પણ ઓળખવામાં આવે છે) ના પ્રતીકો છે. આ પ્રતીકો સૂર્યવંશનું પ્રતીક છે. વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે ધજાને સલામી આપવામાં આવશે. ધજા ફરકાવતાની સાથે જ મંદિર સંકુલમાં ઘંટ વાગવા લાગશે. રામ મંદિરના ૧૬૧ ફૂટ ઊંચા શિખર પર ૪૨ ફૂટ ઊંચો સ્તંભ સ્થાપિત કરવામાં આવ્યો છે. આ સ્તંભ પર ૨૨ ફૂટ લાંબો અને ૧૧ ફૂટ પહોળી ધજા ફરકાવવામાં આવશે,ધજા ફરકાવવા માટે ઓટોમેટિક ફ્લેગ હોસ્ટિંગ સિસ્ટમ લગાવવામાં આવી છે. આ સિસ્ટમનો ઉપયોગ ધજા બદલવા માટે પણ કરવામાં આવશે. જોકે, ટ્રસ્ટે હજુ સુધી સ્પષ્ટતા કરી નથી



કે ધજા કેટલી વાર બદલાશે. ધજા પવનની દિશા સાથે ૩૬૦ ડિગ્રી ફરી શકશે. રામ મંદિરમાં પહેલી વાર રામ-સીતા લગ્ન ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. અંદાજે ૮,૦૦૦ લોકો હાજરી આપે તેવી અપેક્ષા છે. આમાંથી ૨,૫૦૦ લોકોને સમાવવા માટે તીર્થપુરમમાં એક ટેન્ટ સિટી બનાવવામાં આવી રહી છે. પીએમ મોદી સવારે ૧૧ વાગ્યે રામ મંદિર પહોંચશે તે પહેલાં, તેઓ હનુમાનગઢી જશે અને ત્યાં પૂજા કરશે. તેઓ રામલલ્લા અને રામ દરબારના દર્શન કરીને આરતી કરશે. અભિજીત મુહૂર્ત દરમિયાન, બપોરે ૧૨ થી ૧૨:૩૦ વાગ્યાની વચ્ચે, પીએમ મોદી ૧૯૧ ફૂટ ઊંચા શિખર પર ધજા ફરકાવશે.પીએમ સપ્ત મંદિર પરકોટા, શેષાવતાર મંદિર અને રામાયણના શ્રી ડી ભીંતચિત્રોની પણ મુલાકાત લેશે. ત્યારબાદ તેઓ મંદિરમાં કામ કરી રહેલા ઈજનેરો અને શ્રમિકો સાથે મુલાકાત કરશે. મા અન્નપૂર્ણા મંદિરની પાછળ તેમના માટે એક ગ્રીનહાઉસ બનાવવામાં આવ્યું છે. SPGએ અહીં સુરક્ષા સંભાળી લીધી છે.







## ૬ મહિનામાં મરાઠાવાડા ક્ષેત્રમાં ૮૯૯ ખેડૂતોએ આત્મહત્યા કરી

મુંબઈ,તા.૧૮

આ વર્ષે જાન્યુઆરીથી ઓક્ટોબર સુધીમાં, મહારાષ્ટ્રના મરાઠવાડા ક્ષેત્રમાં ૮૯૯ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. આમાંથી, છ મહિનામાં ૫૩૭ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી જ્યારે પૂરથી તેમના પાકને ભારે નુકસાન થયું હતું. આ માહિતી સત્તાવાર આંકડાઓમાં આપવામાં આવી છે. કૃષિ રાજ્યમંત્રી આશિષ જયસ્વાલે જણાવ્યું હતું કે સરકાર આ મુદ્દા પર ગંભીરતાથી વિચાર કરી રહી છે અને યોજનાઓ અને પ્રોત્સાહનો પર ખર્ચ વધારીને ૧ લાખ કરોડ કરવામાં આવ્યો છે.

છત્રપતિ સંભાજીનગર વિભાગીય કમિશનરની કચેરી દ્વારા આપવામાં આવેલા ડેટા દર્શાવે છે કે આ વર્ષે જાન્યુઆરીથી ઓક્ટોબર સુધીમાં મરાઠવાડામાં રેકોર્ડ ૮૯૯ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી. આમાંથી, છ મહિનામાં (૧ મે થી ૩૧ ઓક્ટોબર) ૫૩૭ ખેડૂતોએ આત્મહત્યા કરી હતી જ્યારે ભારે વરસાદ અને પૂરે તબાહી મચાવી હતી.બીડ અને છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં સૌથી વધુ ખેડૂતોની આત્મહત્યા જોવા મળી છે.



## સહકારી સહાય પહોંચે તે પહેલા બે દાતાઓની સહાય ખેડૂતો સુધી પહોંચશે

# રૂ. બે કરોડ જેટલી ખેડૂતોને સહાય આપનાર ઉદ્યોગપતિઓનું અમરેલીમાં સન્માન

અમરેલી,તા.૧૮

અમરેલી ખાતે દાદા ભગવાનના મંદિરે અગ્રણી ઉદ્યોગપતિઓ, બાબુભાઈ ચોડવડિયા (જીરાવાળા) અને દિનેશભાઈ કુંભાણી, દ્વારા માવઠાથી અસરગ્રસ્ત ખેડૂતોને આશરે રૂ.૨ કરોડની માતબર આર્થિક સહાય પૂરી પાડીને સમાજસેવા અને વતનપ્રેમનો અનોખો દાખલો બેસાડ્યો છે. આ ઉમદા કાર્ય બદલ અમરેલી કિસાન પરિવાર સન્માન સમિતિ દ્વારા તેમનું 'ઋણસ્વીકાર કાર્યક્રમ'માં સન્માન કરવામાં આવ્યું હતું. જીરા ગામના વતની બાબુભાઈ ચોડવડિયાએ માનવતાની ઉત્કૃષ્ટ પહેલ કરતાં તેમના ગામની સમગ્ર મંડળીનું



બાકી રહેલું દેવું ચૂકવી દીધું હતું, જેણે ગામમાં નવી આશા જગાવી છે. બીજી તરફ, દિનેશભાઈ કુંભાણીએ જૂનાગઢ જિલ્લાના બાદલપુર, પ્રભાતપુર, શેમરાણા અને શેખડાવદર સહિત કુલ પાંચ ગામના ખેડૂતોને હેક્ટર દીઠ રૂ.૧૧,૦૦૦ની સહાય, કોઈપણ હેક્ટર મર્યાદા વિના, આપી હતી. ખેડૂત અગ્રણી પ્રફુલભાઈ સેંજલિયાએ બંનેને "ખેડૂતોના સાચા દાતા" ગણાવ્યા હતા અને કહ્યું હતું કે તેમણે કપરા સમયમાં ખેડૂતોને અત્યાર સુધી કોઈએ ન કરી હોય તેવી મદદ કરી છે. આ સન્માન સમારંભમાં અમરેલી જિલ્લાના ખેડૂત પ્રતિનિધિઓ અને સમાજસેવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બંને દાતાઓનું સન્માન થતા દાતાઓને આભાર વ્યકત કર્યો હતો.

# ખેડૂતોને સહાય કરનાર બંને દાતાઓનુ સન્માન કરતા ખેડૂત અગ્રણી જયસુખભાઈ કસવાળા

અમરેલી, તા.૧૮



માવઠાનો માર સહન કરેલા અમુક ગામના ખેડૂતોને હજુ સરકારી સહાય મળે તે પહેલા બે દાતાઓ દ્વારા ખેડૂતોને પ્રતિ હેકટર દિઠ રૂા.૧૧૦૦૦ની સહાય જાહેર કરી હતી. બાબુભાઈ ચોડવડીયા અને દિનેશભાઈ કુંભાણી ખરા અર્થમાં ખેડૂતોના દુઃખમાં સહભાગી થયા છે. આ બંને દાતાઓના સન્માન સમયે ખેડૂત અગ્રણી અને મોટા ભંડારીયા ગામના ઉપસરપંચ જયસુખભાઈ કસવાળાએ પણ અદકેરૂ સન્માન કર્યુ હતુ.

# બગસરામાં SIRની ઓનલાઈન કામગીરીમાં ઓપરેટરની નિમણૂક કરવા મામલતદારને રજૂઆત

બગસરા,તા.૧૮

બગસરા તાલુકામાં BLO દ્વારા એસઆઈઆરની કામગીરી કરવામાં આવી રહી છે. તેના ફોર્મ ઓનલાઈન ભરવા માટે મુશ્કેલી થઈ રહેલ હોવાથી મામલતદાર કચેરી આ કામ કરવા ઓપરેટરની નિમણૂક કરે તેવી રજૂઆત તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા કરવામાં આવી છે. જેમાં મોટાભાગના પ્રાથમિક શિક્ષકો



તેમજ શિક્ષણ વિભાગ સાથે જોડાયેલ સ્ટાફની નિમણૂક કરવામાં આવેલ છે જેને લીધે તાલુકાના શિક્ષણ પર પણ અસર થઈ રહી છે. વધુમાં નિમણૂક થયેલા BLOને ફોર્મનું વિતરણ કરી ફોર્મ ભરી પરત મેળવવાના અને પછી તેને ઓનલાઈન એપ્લિકેશનમાં અપલોડ કરવાના હોય છે, આ પ્રક્રિયા ખૂબ જ લાંબી છે પરંતુ કચેરી દ્વારા વારંવાર ઝડપથી કરવા માટે દબાણ કરવામાં આવતું હોય બગસરા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા આ બાબતે બગસરા મામલતદારને મતદારોના ફોર્મને ઓનલાઈન કરવા માટે ઓપરેટરની નિમણૂક કરવા માંગ કરવામાં આવી છે

# જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનિષ સંઘાણીની હાજરીમાં બગસરા ખાતે સહકાર સેમિનાર યોજાયો

અમરેલી,તા.૧૮

બગસરા ખાતે ૭૨મા સહકાર સપ્તાહ અંતર્ગત સહકાર સેમિનાર યોજાયો હતો. આશિષ શરાફી સહકારી મંડળીના સંયુક્ત ઉપક્રમે જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીની અધ્યક્ષતામાં આ સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં અતિથી વિશેષ તરીકે



જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયા, જિલ્લા સહકારી સંઘના ડાયરેક્ટર ધીરુભાઈ વાળા, હરેશભાઈ પટોળિયા, યુવા સમિતિના ડાયરેક્ટર નીરવભાઈ ગોંડલિયા, બગસરા નાગરિક શરાફી મંડળીના અધ્યક્ષ રશ્મિનભાઈ ડોડીયા, સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળીના અધ્યક્ષ અનિલભાઈ વેકરીયા, આશિષ શરાફી સહકારી મંડળીના અધ્યક્ષ અનિલભાઈ શેખ, અમરેલી જિલ્લા સહકારી સંઘના એક્ઝીક્યુટીવ ઓફિસર ભાર્ગવભાઈ ત્રીવેદી ઉપસ્થિત રહ્યા હતા.

# અંટાળીયા મહાદેવ સહિત ધાર્મિક સ્થળોએ ચોરી કરનાર તસ્કરોને ઝડપી પાડવા માંગ

અમરેલી તા. ૧૮

અમરેલી નજીક આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ અંટાળીયા મહાદેવના મંદિરની દાન પેટી તસ્કરોએ તોડીને રૂપિયાની લૂંટ ચલાવી નાસી ગયા હતા. તેમજ પ્રેમ સાહેબ બાપુ આશ્રમ, લાઠીયા પરિવાર તેમજ ડોબરીયા પરિવારના માતાજીના મઢ અને જાત્રોડા ગામે દોડમિયા પરિવારના માતાજીના મઢમાં તસ્કરો ત્રાટક્યા હતા. આં.રા.હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંતના સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ,આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ લીલીયા તાલુકાના પ્રમુખ રમેશભાઈ ભડકોલીયા, મહામંત્રી રમેશભાઈ વેકરીયા, ધર્મેશભાઈ દાનાભાઈ રાજુભાઈ તેમજ અંટાળીયા ગામના પ્રમુખ સહિતનાઓએ ચોરી કરનાર તસ્કરોને તાત્કાલિક પકડવામાં આવે તેવે તાત્કાલિક તેવી માંગ કરી છે

# સા.કુંડલામાં બીયરના પાંચ ટીન સાથે યુવક ઝડપાયો

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલામાં રહેતો એક યુવક બીયરના ૫ ટીન સાથે પકડાયો હતો.ધ્રુવગીરી સુરેશગીરી રાઠોડ (ઉ.વ.૨૦) ના રહેણાંક મકાનેથી ભારતીય બનાવટના બીયર ટીન નંગ-૦૫ મળી આવ્યા હતા. પોલીસે કુલ કિ.રૂ.૭૩૫નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. જિલ્લામાં દસ મહિલા સહિત ૨૯ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાંથી ૨૩ લોકો પાસ પરમીટ વગર કેફી પીણું પીને ફરતા પકડાયા હતા.

# સાવરકુંડલામાં કોંગ્રેસ અગ્રણી ચંદ્રેશભાઈ રવાણીના નિવાસસ્થાને સ્નેહમિલન યોજાયું

અમરેલી,તા.૧૮

સાવરકુંડલામાં સ્વ. નવીનચંદ્ર રવાણીના પુત્ર ચંદ્રેશભાઈ રવાણીના નિવાસસ્થાને વર્ષોની પરંપરા મુજબ મિત્ર વર્તુળોનું એક સ્નેહમિલન મળેલ હતું. જેમાં આંતરિક સુખ-દુઃખની વાત કરીને એસઆઈઆર અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ સ્નેહમિલનમાં અમુભાઈ માનસેતા, હરિભાઈ સાગર, મહેશભાઈ મશરૂ, શહેર કોંગ્રેસ પ્રમુખ કનુભાઈ ડોડીયા, મહેશભાઈ જયાણી, કમલેશભાઈ માગિયા, ઉસ્માનભાઈ પઠાણ, , નાસીર ચોહાણ, હિતેષભાઈ સરૈયા, વિપુલ ઉનાવા, નવીનભાઈ ગોળવાળા, ઈરફાનભાઈ કુરેશી, ફારૂક કાદરી, રાજેભાઈ ચોહાણ, હસુભાઈ બગડા, પરીક્ષિત શિયાળ, રમેશભાઈ જીયાણી, બટુકભાઈ ઉનાવા, શશીકાંતભાઈ અઢિયા, યુસુફભાઈ કુરેશી, દિલીપ જીરુકા વિગેરે વિવિધ જ્ઞાતિના પ્રમુખો આગેવાનો સામાજિક સેવાકીય આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.












**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૪૩/૨૦૨૫ તા. ૧૧/૧૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. ભુપતભાઈ ગોપાભાઈ કળથિયા
રહે. શિવાજીનગર શેરી નં.૧૦ તા. સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા
તા. સાવરકુંડલા જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી કાજલ ભુપતભાઈ કળથિયાનો જન્મ તા.૧૧/૦૨/૧૯૯૯ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૯૬/૨૦૨૫ તા. ૧૫/૧૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. જશોદાબેન કમાભાઈ મીર વાઈફ ઓફ ભરવાડ દેવાભાઈ
રહે. ૧૪૦, મંગલ નગર, વિદ્યા ડેરી રોડ, આણંદ

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા
તા. સાવરકુંડલા જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી જશોદાબેન કમાભાઈ મીર નો જન્મ તા.૨૧/૦૭/૧૯૬૬ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૩૨/૨૦૨૫ તા. ૧૧/૧૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. ગાજીપરા રતિભાઈ નારણભાઈ
રહે. નિર્દોષાનંદ વાટીકા, મહુવા રોડ, સાવરકુંડલા
તા. સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલિકા કચેરી, સાવરકુંડલા
તા. સાવરકુંડલા જી.અમરેલી

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી વિશ્રુતિ રતિલાલ ગાજીપરાનો જન્મ તા.૧૫/૦૨/૨૦૦૦ ના રોજ મુ.તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ નગરપાલિકા/ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

## શ્રી વાવડી પ્રા. શાળા, તા.રાજુલા, જિ.અમરેલી

**-:: જાહેર હરાજી ::-**

શ્રી વાવડી પ્રા. શાળાના બે સેનિટેશન જેમાંથી એક વાવાઝોડા દરમિયાન પડી ગયેલ છે. જેની જાહેર હરરાજી કરવામાં આવેલ છે, જેની અપસેટ કિંમત રૂા. ૩૦૦૦ અંકે ત્રણ હજાર પુરા છે. આ હરરાજી તા. ૨૦/૧૧/૨૫ ને ગુરૂવારના રોજ સવારે ૧૧ કલાકે રાખેલ છે. આ હરરાજીમાં ભાગ લેનાર વ્યક્તિઓ દ્વારા ડિપોઝીટ પેટે રૂા. ૧૫૦૦ રાખેલ છે. હરરાજી પુર્ણ થયા બાદ ડિપોઝીટ પરત આપવામાં આવશે. હરરાજી પુર્ણ થયા બાદ દિન ૧૦ ની અંદર આ જર્જરીત બિલ્ડિંગ સાફ કરી આપવાનું રહેશે. હરરાજીમાં જે કિંમત બોલાય તે સ્થળ ઉપર ચુકવવાની રહેશે.

હરરાજી તારીખ : ૨૦/૧૧/૨૦૨૫ — સમય : સાવરે ૧૧:૦૦ કલાકે

::- સ્થળ : શ્રી વાવડી પ્રા. શાળા, તા. રાજુલા

આચાર્યશ્રી
વાવડી પ્રા. શાળા, તા.રાજુલા

સરપંચશ્રી
વાવડી, તા.રાજુલા

# બાબરામાંથી ગરીબોને આપવામાં આવતી ચીજવસ્તુઓના વેચાણનું કૌંભાડ ઝડપાયુ

બાબરા, તા.૧૮

બાબરા ખાતે આવેલ જી.આઈ.ડી.સી.-૨ વિસ્તારમાં સરકારી જાહેર વિતરણ વ્યવસ્થા અને ICDS યોજના હેઠળ ગરીબોને વહેંચાતી આવશ્યક ચીજ વસ્તુઓનો ગેરકાયદેસર સંગ્રહ અને ખુલ્લા બજારમાં વેચાણ કરવાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો. બાતમીના આધારે પોલીસે દરોડો પાડી રૂ.૧.૨૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

નીલવડા રોડ ઉપર આવેલ જી.આઈ.ડી.સી.-૨ માં કાળુભાઈ ગેલાણીના માલિકીના ગોડાઉનમાં સરકારી જથ્થો ગેરકાયદેસર રીતે સંગ્રહવામાં આવ્યો હોવાની બાતમી મળી હતી.આ બાતમીના આધારે, તા. ૨૬/૦૩/૨૦૨૫ના રોજ ફરિયાદી અધિકારી દ્વારા પંચોને સાથે રાખીને ગોડાઉનમાં વિગતવાર તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન, ગોડાઉનના માલિક અને અન્ય એક આરોપીના સંયુક્ત માલિકીનો શંકાસ્પદ જથ્થો મળી આવ્યો હતો.

આ ગોડાઉનમાં સરકારી યોજનાઓ હેઠળ વિતરણ કરવામાં આવતા ચોખા, બાજરી, ICDS યોજનાના લોટના પેકેટ્સ અને મીઠાના પેકેટ્સનો મોટો જથ્થો મળી આવ્યો હતો, જેને કાળા બજારમાં વેચીને આર્થિક લાભ મેળવવાનો ઈરાદો હતો. ચોખા, બાજરી, ICDS યોજનાના લોટના પેકેટ્સ,મીઠાના પેકેટ્સ મળી તમામ આવશ્યક ચીજ વસ્તુઓ સહિત મળીને કુલ રૂ.૧,૨૮,૦૮૩ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.જી.સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં યુવકનુ મોત હૃદયરોગના હુમલાથી થયુ હોવાનું પ્રાથમિક તારણ

અમરેલી,તા.૧૮


ફાઈલ ફોટો

બગસરામાં સોમવારની વહેલી સવારે મોટા બસ સ્ટેશન નજીક એક યુવકનો મૃતદેહ પડેલો હોવાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને યુવકનો મૃતદેહ કબજે કરી બગસરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ ઘટનાની જાણ એલસીબીને થતા એલસીબી પણ ઘટનાસ્થળે આવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો અને આસપાસના સીસીટીવી કેમેરા તપાસવામાં આવ્યા હતા પરંતુ સીસીટીવી કેમેરામાં પણ યુવક કઈ રીતે અહી જાહેર રોડ પર પડ્યો હતો તેની કોઈ જ માહિતી પોલીસને મળી નહોતી. યુવકનુ મોત હત્યાનો બનાવ હોય તેવી આશંકા સાથે પોલીસે લાશને ભાવનગર એફએસએલમાં મોકલી આપી હતી. જો કે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ યુવકને હૃદયરોગનો હુમલો આવ્યો હોય અને તેનુ મોત નિપજ્યુ હોય તેવો પ્રાથમિક અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. આમ છતાં પોલીસે યુવક સાથે આંટા મારતા અમુક શખ્સોને રાઉન્ડઅપ કરી યુવક વિશે પુછપરછ કરી પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ધારી ખાતે કોલેજ કરવા ગયેલી યુવતી ગૂમ થઈ જતા ફરિયાદ

ધારી,તા.૧૮

ધારી ખાતે અભ્યાસ અર્થે આવેલી એક યુવતી ભેદી સંજોગોમાં ગુમ થઈ જતાં તેના પરિવારે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. યુવતી ધારીની કોલેજ ખાતે અભ્યાસ કરવા ગઈ હતી, પરંતુ ત્યાર બાદ તે ઘરે પરત ન ફરતાં શોધખોળ શરૂ કરવામાં આવી હતી. શિવડ ગામની કિરણબેન રવજીભાઈ ચારોડા (ઉ.વ.૨૦) ધારી ખાતે આવેલી મહિલા યોગીજી કોલેજમાં અભ્યાસ અર્થે પોતાના ઘરેથી નીકળ્યા હતા. કોલેજ ખાતે આવ્યા બાદ, કિરણબેન કોઈને પણ જાણ કર્યા વગર ધારી ખાતેથી અચાનક ક્યાંક ચાલી ગયા હતા અને ત્યારથી તેઓ લાપતા છે. યુવતી ગુમ થતાં તેમના પરિવારે આ બાબતની જાણ ધારી પોલીસને કરી હતી અને ગુમ થવાની ફરિયાદ નોંધાવી છે. પોલીસે કિરણબેનને શોધવા માટે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે અને યુવતી કયા સંજોગોમાં અને ક્યાં ગઈ છે તે જાણવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

# ગુજરાત વિદ્યાપીઠની સ્વાવલંબન યાત્રામાં લીલીયા અમૃતબા વિદ્યાલયના ૬૦૦ વિદ્યાર્થીઓ જોડાયા

લીલીયા, તા. ૧૮




લીલીયા અમૃતબા વિદ્યાલય ખાતે ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ આયોજિત સ્વાવલંબન યાત્રા આવી પહોંચી હતી. તારીખ ૧૦ થી ૧૫ નવેમ્બર દરમિયાન સમગ્ર ગુજરાતમાં સ્વાલંબન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદના આશરે ૨૫૦૦ વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સ્ટાફ તથા બિન શૈક્ષણિક સેવકો જોડાયા છે. આ સમગ્ર યાત્રા ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ અને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી તથા ડો. હર્ષદ ભાઈ પટેલના માર્ગદર્શન તળે ગ્રામ્યજીવન એક ઘટક તરીકે અમરેલી જિલ્લાના વતની ૬૩ વિદ્યાર્થીઓની ૬ ટુકડીઓ અને ૬ માર્ગદર્શકો કાર્યરત છે.સમગ્ર અમરેલી જિલ્લાના કોઓર્ડીનેટર પ્રોફેસર ડાહ્યાભાઈ પટેલ સહિતના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ શ્રી અમૃતબા વિદ્યાલયમાં આવી ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓને સ્વાવલંબન યાત્રા અંતર્ગત માહિતી પૂરી પાડેલ.આ તકે શાળાના આચાર્ય હસમુખભાઈ કરડ સહિતના સ્ટાફ કર્મચારીઓ આ યાત્રામાં જોડાયા હતા.

# સાજીયાવદર ગામે ગરીબી અને એકલતાથી કંટાળી યુવકે ઝેરી દવા પીતા કરૂણ મોત

અમરેલી, તા.૧૮

અમરેલીના સાજીયાવદર ગામે એક અત્યંત કરુણ ઘટના સામે આવી હતી. જેમાં ગરીબ પરિસ્થિતિ અને એકલવાયા જીવનથી મુંઝાયેલા એક યુવકે ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હતો. સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું. પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, મુન્નાભાઈ હકાભાઈ બતાડા (ઉ.વ.૩૭) ગરીબ આર્થિક પરિસ્થિતિના કારણે લગ્ન કરી શક્યો ન હતો. તે પોતાના વૃદ્ધ માતા સાથે એકલવાયું જીવન ગુજારી રહ્યો હતો. લાંબા સમયથી ચાલી રહેલી આર્થિક તંગી, લગ્ન ન થવાની મુંઝવણ અને એકલતાના કારણે તે ઊંડા માનસિક તણાવમાં હતો. મનમાં લાગી આવતા અને નિરાશા અનુભવતા, યુવકે ઝેરી દવા પીધા બાદ યુવકની તબિયત લથડતાં તેને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન તેનું કરૂણ મૃત્યુ નીપજ્યું હતું.

# કોર્ટનો આદેશ હોવા છતાં હાજર ન થતા વીજપડીના શખ્સ સામે પોલીસ ફરિયાદ

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામના એક આરોપીને નામદાર કોર્ટ દ્વારા 'પ્રોક્લેઈમ્ડ ઓફેન્ડર' ( નાસતો ફરતો ગુનેગાર) જાહેર કરવામાં આવ્યો હતો. આ આરોપી સામે જાહેરનામું બહાર પાડવા છતાં કોર્ટમાં ગેરહાજર રહેતા કાયદેસરની વધુ કાર્યવાહી કરવામાં આવી હતી. દિપકભાઈ ગોરધનભાઈ ચુડાસમા સામે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. આરોપી દિપકભાઈ ગોરધનભાઈ ચુડાસમાને કોર્ટ સમક્ષ હાજર કરવા માટે નામદાર સાવરકુંડલા કોર્ટ દ્વારા જાહેરનામું ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ, આ જાહેરનામું નિયમોનુસાર બહોળી પ્રસિદ્ધિ કરીને બહાર પાડવામાં આવ્યું હતું, તેમ છતાં આરોપી નાસતો ફરતો રહ્યો અને કોર્ટ સમક્ષ હાજર થયો નહોતો.આખરે, આરોપી સતત ગેરહાજર રહેતા નામદાર કોર્ટ દ્વારા તેને નાસતો ફરતો ગુનેગાર જાહેર કરવામાં આવ્યો છે. કોર્ટના આદેશ અને જાહેરનામાની અવગણના કરીને ગેરહાજર રહેવા બદલ આરોપીએ વધુ એક ગુનો કર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. હવે પોલીસ દ્વારા આ નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા.

# ભુજ-ધારી બસ શરૂ થતા બગસરાની સામાજિક સંસ્થાઓએ સ્વાગત કર્યું

બગસરા,તા.૧૮



ભુજ ડેપો દ્વારા ભુજ-ધારી વાયા રાજકોટ,બગસરા બસ શરૂ કરવામાં આવતા બગસરા પંથકના મુસાફરોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે બગસરા-ભુજ બસ શરૂ કરવા માટે તંત્ર સમક્ષ અનેકવાર રજૂઆત કરવામાં આવી હતી આ બાબતે સામાજિક સંસ્થાઓએ પણ રજૂઆત કરી હતી પરંતુ બગસરા એસટી વિભાગ દ્વારા આ બસ શરૂ કરવામાં ન આવતા આખરે ભુજ ડેપો દ્વારા ભુજ-ધારી વાયા બગસરા બસ શરૂ કરવામાં આવી હતી જેથી શહેરની સામાજિક સંસ્થાઓ ચેમ્બર ઓફ કોમર્સ અને પેસેન્જર્સ એસોસિયેશન દ્વારા ભુજ-ધારી એસટી બસના ડ્રાઈવર અને કંડકટરનું શાલ ઓઢાડી મોઢું મીઠું કરાવી બસનું સ્વાગત કર્યું હતું. આ બસ બગસરાથી રાજકોટ,મોરબી, અંજાર જવા માટે રાત્રિના ૮ કલાકે મળી રહેશે અને આ બસ એસી હોવાથી મુસાફરોને રાહત થશે.






# અમરેલીમાં બાળ મજૂરોને મુક્ત કરાયા

અમરેલી, તા.૧૮

અમરેલીમાંથી બાળ શ્રમિકને મુક્ત કરાવવામાં આવ્યા હતા. શ્રમ અધિકારી/ બાળ અને તરૂણ શ્રમિક (નિયમન અને પ્રતિબંધ) નિરીક્ષક, અમરેલી એમ.એચ. પરમારે શ્રીજી પાન પાર્લર, ફાટક નજીક, લાઠી રોડ પરથી ટાસ્કફોર્સની મદદથી બાળ શ્રમિકોને હર્ષદસિંહ ધિરેન્દ્રાસિંહ ચૌહાણના કબ્જામાંથી મુક્ત કરાવી બાળ સંરક્ષણ ગૃહ ખાતે મોકલી આપ્યા હતા.









**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૫૧/૨૦૨૫ તા. ૦૧/૧૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. મનુભાઈ બદરૂભાઈ વરૂ
રહે. નાગેશ્રી તા. જાફરાબાદ જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાટી કમ મંત્રીશ્રી, દોલતી તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર વરૂ ભગીરથ મનુભાઈનો જન્મ તા.૦૨/૦૮/૨૦૦૯ ના રોજ મુ.દોલતી તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૦/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૩૦/૨૦૨૫ તા. ૧૧/૧૧/૨૦૨૫

અરજદારશ્રીઃ- ૧. વાળા દિલીપભાઈ ઓઘડભાઈ
રહે. સીતાનગર નાના માચીયાળા તા.જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળાઃ- ૧. તલાઠી કમ મંત્રીશ્રી, લુવારા તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર વાળા અનિરૂધ્ધભાઈ દિલીપભાઈનો જન્મ તા.૧૮/૦૬/૨૦૦૯ ના રોજ મુ.લુવારા તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**

**//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, મુ. અમરેલી//**

અપીલ રજી. નં.૧૯૫/૨૦૨૫

અરજદાર :- ગોવિંદભાઈ ખોડાભાઈ ભુતૈયા
રહે. મોટા આંકડીયા, તા.જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. મોટા આંકડીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલીતાલુકાનાચિતલગામમાંઅરજદારશ્રીગોવિંદભાઈખોડાભાઈ ભુતૈયા તેઓના ભત્રીજા દિલીપકુમાર મેરામભાઈ ભુતૈયાની જન્મ (તા.૨૫/૧૨/૧૯૭૫) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ -મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

**//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી શહેરની કોર્ટમાં, અમરેલી//**

અપીલ અરજી નં.૫૪/૨૦૨૫

અરજદાર :- શ્રી વશરામભાઈ પરેશભાઈ પરમાર
રહે.જેશીંગપરા શેરી નં.૨, ઝુપડપટ્ટી વિસ્તાર,
અમરેલી, તા.જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળાઃ- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
ચીફ ઓફિસરશ્રી, નગરપાલિકા કચેરી,
મુ.અમરેલી, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી શહેરમાં વશરામભાઈ પરેશભાઈ પરમાર તેમના પુત્રીશ્રી વર્ષા વશરામભાઈ પરમારનો જન્મ (તા.૧૬/૦૬/૨૦૨૧) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૩/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.એમ.તલાટી)**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી શહેર**

તંત્રી લેખ

# વિકાસ લક્ષી રાજકારણ પ્રજાની પહેલી પસંદ

બિહાર વિધાનસભાની તાજેતરની ચૂંટણીએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે ભારતીય મતદાતા હવે વિકાસ સાથે જોડાયેલા રાજકારણને જ વધુ પસંદ કરે છે. એનડીએની પ્રચંડ જીત એ માત્ર એક રાજ્યની જીત નથી, એ નરેન્દ્ર મોદીના નેતૃત્વ પરના અતૂટ વિશ્વાસનું પરિણામ છે. નીતીશકુમાર જેવા અનુભવી નેતા પણ આ વખતે પોતાની જગ્યા બચાવવા માટે ભાજપની છત્રછાયામાં જ શ્વાસ લઈ શક્યા છે. આ જીતે એ સ્પષ્ટ કરી દીધું છે કે લોકોને હવે જાતિવાદી સમીકરણો કે ખાલી વાયદાઓ નહીં, પરંતુ રસ્તા, વીજળી, પાણી અને સુરક્ષા જેવા મૂળભૂત વિકાસની ખાતરી જોઈએ છે. આજે દેશનું રાજકારણ એક જ મજબૂત કેન્દ્ર તરફ વળી રહ્યું છે, અને એ કેન્દ્રનું નામ છે નરેન્દ્ર મોદી. કારણકે વિપક્ષની નિષ્ફળતા અને તેનું ભયાનક આ પરિણામ છે. વિપક્ષ આજે પોતાની સૌથી મોટી હાર પોતાની જ અંદરની અસ્તવ્યસ્તતા માંથી મેળવી રહ્યો છે. ઈન્ડિયા ગઠબંધન નામનું જે મહાગઠબંધન બનાવવામાં આવ્યું હતું તે કાગળ પર તો દેખાતું હતું, પરંતુ હાલમાં તો તેમાં એકતા ક્યાંય દેખાતી નહોતી. રાહુલ ગાંધીની આગેવાનીમાં કોંગ્રેસ હજુ પણ જૂની વિચારધારાના ભાર તળે દબાઈ રહી છે, અને તેની વચ્ચે પ્રાદેશિક પક્ષાના નેતાઓ પોતાના અલગ અલગ સ્વાર્થમાં ખોવાયેલા છે. બિહારમાં તેજસ્વી યાદવ મોટો ચહેરો બની શક્યા નહીં, કારણ કે લોકો જાણે છે કે જંગલરાજની યાદો હજુ ઝાંખી થઈ નથી. વિપક્ષ જ્યા સુધી પોતાની વચ્ચેના અહંકાર છોડીને એક જ મજબૂત વિચારધારા અને એક જ મોટું નેતૃત્વ નહીં ઊભું કરે ત્યાં સુધી તે ફક્ત હારના આંકડા જ ગણતો રહેશે. આ સ્થિતિ લોકશાહી માટે ખતરનાક છે, કારણ કે મજબૂત વિપક્ષ વગર સત્તા હંમેશાં અહંકારી બનવાનું જોખમ રહેલું છે.વિકાસ સાથે સંવેદનશીલતાની જરૂર છે. પશ્ચિમ બંગાળનું રાજકારણ હંમેશાં દેશમાં એક આગવું અને રસપ્રદ સ્થાન ધરાવે છે. આ રાજ્ય લાંબા સમયથી ઉગ્ર રાજકીય ગતિશીલતા, વિચારધારાત્મક લડાઈઓ અને મજબૂત જન-આધારિત નેતૃત્વ માટે જાણીતું છે. ભારતની સ્વતંત્રતા પછીના દાયકાઓમાં, બંગાળમાં કોંગ્રેસનું વર્ચસ્વ હતું, પરંતુ ૧૯૭૭માં એક મોટુ પરિવર્તન આવ્યુ. ૧૯૭૭માં, ભારતીય રાજકારણના ઈતિહાસમાં સૌથી લાંબા સમય સુધી શાસન કરનાર ડાબેરી મોરચા (**Left Fron**), જેનું નેતૃત્વ ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) એટલે કે **CPM** કરતી હતી, તે સત્તા પર આવ્યું. જ્યોતિ બસુ અને પાછળથી બુદ્ધદેવ ભટ્ટાચાર્યના નેતૃત્વમાં, ડાબેરી મોરચાએ સતત ૩૪ વર્ષ સુધી રાજ્ય પર શાસન કર્યું. આ લાંબુ શાસન તેમના મજબૂત સંગઠનાત્મક માળખા, ગ્રામીણ સુધારાઓ (ખાસ કરીને ઓપરેશન બર્ગા) અને ગરીબ તરફી આજે ભારત વિશ્વની સૌથી ઝડપી વિકાસ કરતી અર્થવ્યવસ્થા છે, ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ક્રાંતિ ચાલી રહી છે, વિદેશ નીતિમાં આપણું વર્ચસ્વ વધી રહ્યું છે, પરંતુ તેની સાથે જ સમાજમાં ધ્રુવીકરણ પણ વધી રહ્યું છે. મણિપુર હજુ બળી રહ્યું છે, ધાર્મિક તણાવના સમાચાર આવતા રહે છે, અને યુવાનોમાં બેરોજગારીનો આક્રોશ દબાયેલો છે. સત્તાધારી પક્ષે આને સમજવાની જરૂર છે કે માત્ર હિન્દુત્વના નામે લાંબા ગાળે ચૂંટણી જીતાડી શકે છે, પરંતુ દેશને એક રાખવા માટે સૌને સાથે લઈને ચાલવું પડશે. આગામી દિવસોમાં જો સરકાર અર્થતંત્રની ગતિ જાળવી રાખીને સામાજિક સમરસતા પર પણ એટલું જ ધ્યાન આપશે તો જ આ વર્ચસ્વ ટકાઉ બનશે. નહીંતર ઈતિહાસ સાક્ષી છે કે કોઈ પણ વ્યક્તિ કે પક્ષનું વર્ચસ્વ અનંતકાળ સુધી નથી રહેતું. ભારતીય લોકશાહીને આજે મજબૂત સરકારની સાથે મજબૂત વિપક્ષની પણ સખત જરૂર છે – અને એ જવાબદારી હવે વિપક્ષની વધુ છે.

# રાજુલાના દેવકા ગામે ઠપકો આપવા ગયેલા ખેડૂતને જાનથી મારી નાખવાની મળી ધમકી

**ખેડૂતે બે શખ્સો સામે રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી**

રાજુલા, તા.૧૮

રાજુલા તાલુકાના દેવકા ગામે એક ખેતરમાં ગેરકાયદેસર રીતે ટ્રેક્ટર ઘૂસાડી દેવા અને વાડીના તાર ફેન્સિંગ તોડી નાખવા બાબતે થયેલા વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. ઠપકો આપવા ગયેલા ખેડૂતને બે શખ્સોએ ગાળો ભાંડીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે માયાભાઈ સોમાભાઈ ચૌહાણ (ઉ.વ.૫૫) એ સામતભાઈ નગાજણભાઈ વાવડીયા તથા હિપાભાઈ રાણીંગભાઈ વાવડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, બે દિવસ પહેલા તેઓ રાજુલાથી પોતાના ઘરે પરત આવી રહ્યા હતા. તે સમયે તેમણે દેવકા ગામે આવેલી પોતાની વાડી-ખેતરમાં એક ટ્રેક્ટર ખૂંપી ગયેલી હાલતમાં જોયું હતું, જ્યારે અન્ય બે ટ્રેક્ટર બાજુમાં પડેલા હતા. ખેતરના તાર ફેન્સિંગ પણ તૂટેલા હતા. આ ગેરકાયદેસર કૃત્ય અંગે તેમણે આરોપીને ઠપકો આપ્યો, ત્યારે બંને આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. તેઓ જેમ ફાવે તેમ ગંદી ગાળો આપવા લાગ્યા હતા. આ ઉપરાંત, બંને શખ્સોએ ધમકી આપી હતી કે જો તું પોલીસ ફરિયાદ કરીશ, તો જામીન પર છૂટીને આવ્યા બાદ તારા ટાંટિયા ભાંગી નાખીશું અને તને તથા તારા પરિવારને જાનથી મારી નાખીશું. આરોપીઓએ ફરિયાદીની માલિકીની વાડીમાં ગેરકાયદેસર રીતે ટ્રેક્ટર ચલાવીને વાડીના તાર ફેન્સિંગ તોડી નાખ્યા હતા, જેના કારણે આશરે ૫૦૦૦/- નું નુકસાન થયું હતું. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી.આર.રાઠોડ વધ તપાસ કરી રહ્યા છે.

# મોટા બારમણના ખેડૂત સાથે રૂા.૨.૩૦ લાખની છેતરપીંડી

**ખેડૂતે હિરેન સલ્લા સામે ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી**

ખાંભા, તા.૧૮

ખાંભાના મોટા બારમણ ગામના ખેડૂત સાથે રૂપિયા ૨.૩૦ લાખની છેતરપિંડી આચરવામાં આવી હતી. જીવાભાઈ વાઘાભાઈ વાઢેર (ઉ.વ.૭૦) એ હિરેનભાઈ ઉર્ફે ચકુ ત્રિભોવનભાઈ સલ્લા સોની સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ તેમને વિશ્વાસમાં લઈ તા.૩૧/૧૦/૨૦૨૪ ના રોજ રૂ.૮૦.૦૦૦ તથા તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ સાહેદ હસ્તક બીજા રૂ.૧,૫૦,૦૦૦ મળી કુલ રૂ.૨,૩૦,૦૦૦ ઈરાદાપુર્વક બદદાનતથી પડાવી છેતરપીંડી કરી નાસી ગયો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.કે.પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં ૧૯ નવેમ્બરે અનુબંધમ વેબપોર્ટલ દ્વારા રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લાના રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ૧૯ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૯ વાગ્યે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ખાનગી ક્ષેત્રની અગ્રણી કંપની શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ, અમરેલીની વિવિધ ખાલી જગ્યાઓ માટે ૧૮થી ૪૦ વર્ષની વય મર્યાદા તથા ધોરણ ૧૦થી સ્નાતક સુધીની શૈક્ષણિક લાયકાત સાથે ૧ થી ૨ વર્ષનો અનુભવ જરૂરી રહેશે. મેળો શીતલ કુલ પ્રોડક્ટ્સ લિમિટેડ, પ્લોટ નં. ૭૫–૮૧, જી.આઈ. ડી.સી. એસ્ટેટ, અમરેલી ખાતે યોજાશે. ઉમેદવારોએ આધાર કાર્ડ અને શૈક્ષણિક દસ્તાવેજો સાથે અનુબંધમ વેબપોર્ટલ પર જોબસીકર તરીકે રજિસ્ટ્રેશન કરવું ફરજિયાત છે, એવું જિલ્લા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

# સા.કુંડલાના આંબરડી(જોગીદાસ) ગામની પરિણીતાની સાસરીયાઓ સામે ફરિયાદ

સાવરકુંડલા,તા.૧૮

સાવરકુંડલા તાલુકાના આંબરડી(જોગીદાસ)ની એક મહિલાએ તેના પતિ, સાસુ અને દિયર સહિતના સાસરિયાઓ વિરુદ્ધ શારીરિક અને માનસિક ત્રાસ આપવાની તેમજ પુત્રીની સગાઈમાં ન બોલાવીને માનસિક રીતે હેરાન કરવાની પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

હાલ આંબરડી (જોગીદાસ) ખાતે રહેતા મિનાબેન પ્રકાશભાઈ સોલંકી (ઉ.વ.૪૨) એ મુંબઈમાં રહેતા પતિ પ્રકાશભાઈ ધુડાભાઈ સોલંકી, સાસુ વાલીબેન ધુડાભાઈ સોલંકી તથા દિયર દિનેશભાઈ ધુડાભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ આંબરડી અને મુંબઈમાં આશરે ત્રણ વર્ષ પહેલાં મુંબઈ મુકામે તેના પતિ, સાસુ અને દિયર સાથે રહેતી હતી. તે દરમિયાન, આરોપીઓએ ફરિયાદીને શારીરિક અને માનસિક ત્રાસ આપીને ઘરમાંથી કાઢી મૂકી હતી. તાજેતરમાં, આરોપીઓએ ફરી એકવાર માનસિક ત્રાસ આપ્યો હતો.

તા. ૧૪/૦૨/૨૦૨૫ના રોજ આરોપીઓએ ઈરાદાપૂર્વક એકસંપ કરીને તેમની દીકરીની સગાઈમાં તેમને ન બોલાવ્યા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ બી એસ સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીના ગળધરા ખોડીયાર મંદિર પાસે મારામારી કરનાર ચાર શખ્સોને ઝડપી જેલહવાલે કરાયા

અમરેલી,તા.૧૮

ધારીના સુપ્રસિદ્ધ ખોડિયાર મંદિર પાસે જાહેરમાં મારામારી કરવા બદલ ચાર વ્યક્તિઓની ધારી પોલીસે ધરપકડ કરી છે. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ઝડપાયેલા આરોપીઓમાં ધારીના પ્રેમપરા વિસ્તારના વાલજીભાઈ પુનાભાઈ વાઘેલા, દિનેશભાઈ વાલજીભાઈ વાઘેલા, અન્ય એક દિનેશભાઈ વાલજીભાઈ વાઘેલા અને ધારીના રાજુભાઈ નરસિંહભાઈ ચારોલીયાનો સમાવેશ થાય છે.ઘટના અંગે સ્થાનિકો દ્વારા ધારી પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી હતી.

માહિતી મળતાની સાથે જ ધારી પોલીસ સ્ટેશનના પી. આઈ. જાડેજાના માર્ગદર્શન હેઠળ ડી-સ્ટાફની ટીમે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી. પોલીસે મારામારી કરનારા ચારેય ઈસમોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બગસરામાં રૂા.૧૦ના સિક્કાની અછતથી વેપારને ગંભીર અસર

બગસરા,તા.૧૮

બગસરામાં છેલ્લા ઘણા સમયથી રૂપિયા ૧૦ અને ૨૦ના સિક્કા તેમજ અન્ય પરચુરણની તીવ્ર અછત જોવા મળી રહી છે. આ પરિસ્થિતિને કારણે રિટેલ કરિયાણા, શાકભાજી અને અન્ય વેપારીઓને તેમના દૈનિક વ્યવહારોમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.વેપારીઓને ગ્રાહકો સાથેના લેવડદેવડમાં છૂટા પૈસાની તંગીને કારણે સમસ્યાઓ ઊભી થઈ રહી છે. આ ગંભીર સમસ્યા અંગે બગસરા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિનેશભાઈ હડિયલે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરી છે. તેમણે સરકારને આ મુદ્દાના તાત્કાલિક નિરાકરણ માટે પગલાં લેવા વિનંતી કરી છે, જેથી વેપારીઓને આ પરચુરણની અછતમાંથી રાહત મળી શકે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૨૦ | ૧૪૭૫ |
| ઘઉં લોકવન | ૫૧૭ | ૫૪૧ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૪૧ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૭૭૯ |
| બાજરી | ૩૦૨ | ૫૭૦ |
| તુવેર | ૯૦૦ | ૧૩૨૬ |
| ચણા પીળા | ૯૨૧ | ૧૧૧૦ |
| ચણા સફેદ | ૧૧૨૧ | ૧૭૭૫ |
| અડદ | ૧૦૮૫ | ૧૪૨૮ |
| મગ | ૧૧૦૦ | ૧૫૫૦ |
| વાલ દેશી | ૮૧૦ | ૧૦૧૦ |
| ચોળી | ૮૩૫ | ૧૩૩૭ |
| મઠ | ૧૦૦૦ | ૧૫૫૦ |
| વટાણા | ૧૪૦૦ | ૨૨૦૦ |
| કળથી | ૪૫૦ | ૯૦૦ |
| રાજમા | ૯૦૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૯૫૫ | ૧૩૫૦ |
| મગફળી જીણી | ૧૦૬૫ | ૧૩૬૫ |
| તલી | ૧૯૫૧ | ૨૩૩૦ |
| એરંડા | ૧૨૪૦ | ૧૩૨૨ |
| અજમો | ૧૦૦૦ | ૧૯૬૨ |
| સોયાબીન | ૮૫૦ | ૯૨૬ |
| સીંગફાડા | ૯૬૦ | ૧૩૭૫ |
| કાળા તલ | ૩૪૫૦ | ૫૨૦૧ |
| લસણ | ૬૧૫ | ૧૧૧૧ |
| ધાણા | ૧૩૫૦ | ૧૫૭૮ |
| મરચા સુકા | ૧૧૦૦ | ૩૬૦૦ |
| ધાણી | ૧૪૫૦ | ૧૫૫૦ |
| વરીયાળી | ૮૭૫ | ૧૪૩૮ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૦૦ |
| રાય | ૧૪૩૪ | ૧૯૩૦ |
| મેથી | ૧૨૦૦ | ૧૪૮૧ |
| અશેરીયો | ૧૦૫૦ | ૧૨૨૫ |
| રાયડો | ૧૨૮૦ | ૧૩૭૦ |
| રજકાનું બી | ૬૨૦૦ | ૮૨૨૫ |
| ગુવારનું બી | ૮૦૦ | ૮૮૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૭૯ | ૬૩૮ |
| પપૈયા | ૭૬ | ૯૬ |
| બટેટા | ૨૦૯ | ૫૨૧ |
| ડુંગળી સુકી | ૪૧ | ૧૮૦ |
| ટમેટા | ૭૦૯ | ૧૦૦૨ |
| સુરણ | ૮૦૭ | ૯૩૧ |
| કોથમરી | ૮૧૨ | ૧૦૧૪ |
| મુળા | ૫૧૧ | ૭૦૬ |
| રીંગણા | ૮૩૨ | ૧૬૭૧ |
| કોબીજ | ૨૯૮ | ૩૭૨ |
| ફ્લાવર | ૩૮૭ | ૬૮૯ |
| ભીંડો | ૭૭૯ | ૧૨૩૪ |
| ગુવાર | ૧૧૭૪ | ૨૧૫૯ |
| ચોળાસીંગ | ૭૧૫ | ૧૩૨૫ |
| વાલોળ | ૮૦૩ | ૧૪૨૯ |
| ટીંડોળા | ૭૨૬ | ૧૪૩૮ |
| દુધી | ૨૯૧ | ૬૬૮ |
| કારેલા | ૭૩૨ | ૯૮૭ |
| સરગવો | ૯૦૭ | ૨૨૭૯ |
| તુરીયા | ૧૦૧૨ | ૧૪૧૯ |
| પરવર | ૧૨૦૬ | ૧૪૧૮ |
| કાકડી | ૬૪૭ | ૮૮૯ |
| ગાજર | ૫૧૨ | ૬૫૯ |
| વટાણા | ૧૬૨૪ | ૨૦૫૬ |
| ગલકા | ૫૫૮ | ૧૦૩૨ |
| બીટ | ૩૦૨ | ૫૧૨ |
| મેથી | ૭૮૬ | ૧૦૩૮ |
| વાલ | ૧૩૦૭ | ૧૭૫૨ |
| ડુંગળી લીલી | ૩૧૮ | ૫૨૬ |
| આદુ | ૧૧૦૨ | ૧૩૬૯ |
| ચણા લીલા | ૧૭૭ | ૧૦૦૮ |
| મરચા લીલા | ૩૨૯ | ૬૭૮ |
| હળદર લીલી | ૫૩૧ | ૭૦૮ |
| લસણ લીલું | ૨૦૬૯ | ૨૪૨૭ |
| મકાઇ લીલી | ૨૫૭ | ૪૦૯ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૫૨૮ | ૫૭૨ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૫૧ |
| સિંગદાણા જાડા | ૧૦૯૧ | ૧૩૬૧ |
| સિંગ ફાડીયા | ૮૯૧ | ૧૩૬૬ |
| એરંડા / એરંડી | ૧૦૫૧ | ૧૩૩૬ |
| જીરૂ | ૨૮૧૧ | ૪૨૦૧ |
| ધાણા | ૯૦૦ | ૧૬૩૧ |
| ડુંગળી લાલ | ૫૬ | ૨૮૬ |
| અડદ | ૮૦૧ | ૧૩૪૧ |
| મઠ | ૧૦૬૧ | ૧૦૬૧ |
| તુવેર | ૯૦૦ | ૧૨૯૧ |
| રાય | ૧૨૨૬ | ૧૨૨૬ |
| મેથી | ૮૦૦ | ૧૧૬૧ |
| કાંગ | ૩૯૧ | ૬૩૧ |
| સુરજમુખી | ૧૧૦૧ | ૧૧૦૧ |
| મરચા | ૬૫૧ | ૪૧૦૧ |
| સફેદ ચણા | ૧૦૬૧ | ૧૮૫૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૭૨૬ |
| ડુંગળી સફેદ | ૧૧૧ | ૨૬૬ |
| બાજરો | ૨૪૧ | ૪૪૧ |
| જુવાર | ૩૫૧ | ૯૯૧ |
| મકાઇ | ૪૦૧ | ૪૯૧ |
| મગ | ૬૦૧ | ૧૭૬૧ |
| ચણા | ૯૫૧ | ૧૧૧૧ |
| વાલ | ૧૦૩૧ | ૧૦૩૧ |
| ચોળા / ચોળી | ૮૭૧ | ૧૨૭૧ |
| સોયાબીન | ૭૪૬ | ૧૦૭૬ |
| ગોગળી | ૬૭૬ | ૯૯૬ |
| વટાણા | ૫૦૧ | ૧૨૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦૦ | ૧૧૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૬૦ |
| દુધી | ૨૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૧૦૦૦ |
| કાકડી | ૨૦૦ | ૧૨૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૨૦૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૧૦૦ |
| ગલકા | ૩૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૨૦૦ | ૧૦૦૦ |
| ટિંડોરા | ૬૦૦ | ૧૪૦૦ |
| તુવેર | ૪૦૦ | ૧૧૦૦ |
| વાલ | ૫૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૩૦૦૦ |
| શક્કરીયા | ૫૦૦ | ૬૦૦ |
| કેરી કાચી | ૧૪૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૨૫૦ | ૪૦૦ |
| અંબાળા | ૩૦૦ | ૫૦૦ |
| લીલી હળદર | ૪૦૦ | ૮૦૦ |
| ડુંગળી પુરા | ૪ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૫ | ૮ |
| કોથમીર પુરા | ૩ | ૯ |
| મૂળા પુરા | ૩ | ૮ |
| ફોદીનો પુરા | ૨ | ૫ |
| ચૂણ | ૯૮૦ | ૧૨૦૦ |
| અલાવીપન | ૧૦ | ૧૫ |
| ઘીસોડા | ૪૦૦ | ૧૪૦૦ |
| લીંબુ | ૧૬૦ | ૬૦૦ |
| મેથી પુરા | ૩ | ૯ |
| બીટ પુરા | ૫ | ૧૫ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૫૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૨૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૪૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૪૦૦ |
| લસણ પુરા | ૪ | ૧૫ |
| પાલક પુરા | ૩ | ૮ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૮૦ | ૧૨૦૩ |
| ગીરનાર શિંગ | ૯૧૩ | ૧૨૪૩ |
| શિંગ મોટી | ૭૫૧ | ૧૩૦૩ |
| શિંગ દાણા | ૯૦૦ | ૧૨૪૦ |
| તલ સફેદ | ૧૧૦૦ | ૨૯૪૦ |
| તલ કાળા | ૨૬૪૦ | ૫૪૯૫ |
| તલ કાશ્મીરી | ૨૦૯૦ | ૨૪૪૫ |
| ઘઉં ટુકડા | ૪૪૧ | ૬૦૧ |
| ઘઉં લોકવન | ૫૦૯ | ૫૫૨ |
| અડદ | ૮૦૦ | ૧૦૯૦ |
| ચણા | ૯૦૦ | ૧૧૮૦ |
| સફેદ ચણા | ૯૬૦ | ૧૧૨૮ |
| તુવેર | ૧૧૯૦ | ૧૩૨૦ |
| એરંડા | ૧૦૭૫ | ૧૨૮૧ |
| જીરૂ | ૩૧૦૨ | ૪૧૦૦ |
| રાય | ૧૨૫૦ | ૧૬૮૦ |
| ધાણા | ૧૨૮૦ | ૧૫૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૦૪૫ |
| સોયાબીન | ૬૮૦ | ૯૧૨ |
| રજકાનું બી | ૫૩૦૦ | ૭૪૭૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૪૦ | ૪૬૦ |
| રીંગણા | ૮૦૦ | ૧૪૦૦ |
| ફ્લાવર | ૬૦૦ | ૮૦૦ |
| કોબીઝ | ૨૨૦ | ૩૪૦ |
| શકકરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ટમેટાં | ૯૦૦ | ૯૬૦ |
| સુરણ | ૬૦૦ | ૭૦૦ |
| ગાજર | ૮૦૦ | ૧૧૮૦ |
| દુધી | ૫૦૦ | ૭૦૦ |
| કારેલા | ૧૦૪૦ | ૧૧૮૦ |
| ગલકા | ૬૨૦ | ૮૪૦ |
| મુળા | ૩૦૦ | ૪૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૨૦ | ૧૫૦૦ |
| વાલોળ | ૧૦૦૦ | ૧૩૪૦ |
| વટાણા | ૧૫૦૦ | ૨૦૦૦ |
| ચોળા શીંગ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૨૪૦ |
| આમળા | ૪૦૦ | ૬૦૦ |
| ભીડો | ૮૨૦ | ૧૦૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૧૦૪૦ |
| આદુ | ૯૨૦ | ૧૨૪૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૨૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફોદીનો | ૮૦૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૯૮૦ | ૧૧૪૦ |
| બીટ | ૪૨૦ | ૬૦૦ |
| સરગવો | ૨૦૦૦ | ૩૦૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૨૦ |
| લીમડો મીઠો | ૨૯૦ | ૩૨૦ |
| મરચાં લીલા | ૫૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૨૮૦ |
| લસણ લીલુ | ૧૫૦૦ | ૨૨૦૦ |
| લસણ સુકુ | ૪૨૦ | ૬૦૦ |
| વાલ | ૧૨૦૦ | ૧૩૦૦ |
| પાલક | ૮૦૦ | ૯૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૨૦ |
| લીંબુ | ૩૨૦ | ૫૪૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૯૫૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૪૫૫ | ૫૬૧ |
| ઘઉ ટુકડા | ૪૮૦ | ૫૩૦ |
| અડદ | ૯૦૦ | ૧૦૫૦ |
| ચણા | ૮૩૧ | ૧૦૫૧ |
| ચણા સફેદ | ૧૦૨૪ | ૧૧૦૦ |
| છોલે ચણા | ૧૪૦૦ | ૧૪૪૦ |
| રાય | ૧૨૦૦ | ૧૮૪૦ |
| જુવાર | ૨૦૦ | ૬૦૦ |
| મેથી | ૬૫૦ | ૬૭૦ |
| ચોળી | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૩૯૧ | ૧૪૫૭ |
| સોયાબીન | ૭૦૧ | ૯૦૩ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૨૦ |
| શીંગ ફાડા | ૮૦૧ | ૧૧૬૫ |
| મગફળી | ૮૫૧૦ | ૧૧૫૧ |
| **બાબરા** | | |
| કપાસ નવો | ૧૨૯૦ | ૧૫૩૮ |
| કપાસ જુનો | ૯૧૦ | ૧૨૧૦ |
| મગફળી | ૧૦૧૯ | ૧૩૧૧ |
| તલ | ૧૬૨૦ | ૨૧૭૦ |
| તલ કાળા | ૩૨૩૦ | ૪૭૮૦ |
| જીરૂ | ૩૨૨૫ | ૪૦૧૫ |
| ઘઉં | ૬૪૦ | ૬૦૦ |
| અડદ | ૯૬૦ | ૧૨૩૦ |
| મગ | ૧૨૬૫ | ૧૪૯૫ |
| ચણા | ૯૩૫ | ૧૧૧૫ |
| સોયાબીન | ૭૯૩ | ૮૮૭ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૧૨૬ | ૧૫૩૧ |
| કપાસ સી ગ્રેડ | ૯૩૦ | ૧૦૮૩ |
| **ધારી** | | |
| કપાસ એ | ૧૩૦૧ | ૧૫૦૦ |
| કપાસ કોડી | ૯૦૧ | ૧૨૧૦ |
| મગફળી | ૮૯૦ | ૧૨૦૫ |
| ઘંઉ | ૫૩૪ | ૫૩૫ |
| ચણા | ૯૫૦ | ૧૧૦૦ |
| તુવેર | ૯૦૦ | ૧૧૮૦ |
| ધાણા | ૧૪૫૦ | ૧૪૫૦ |
| એરંડા | ૯૫૦ | ૧૦૮૦ |
| સીંગદાણા | ૧૦૮૫ | ૧૧૦૫ |
| બાજરો | ૩૪૫ | ૩૪૫ |
| **રાજુલા** | | |
| શીંગ | ૬૦૦ | ૧૧૨૪ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| તલ કાળા | ૪૦૦ | ૪૪૦૦ |
| કપાસ | ૭૦૦ | ૧૫૨૦ |
| બાજરો | ૩૬૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૧૦ |
| જુવાર | ૪૨૧ | ૯૫૦ |
| મગ | ૧૦૩૦ | ૨૦૦૧ |
| અડદ | ૮૪૦ | ૧૨૮૧ |
| ચણા | ૯૮૦ | ૧૫૩૫ |
| સોયબીન | ૪૬૫ | ૮૮૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૫૫ | ૧૫૨૦ |
| કપાસ કોઠી | ૯૮૦ | ૧૨૪૧ |
| મગફળી | ૭૩૧ | ૧૨૮૧ |
| તલ સફેદ | ૧૬૯૦ | ૧૬૯૦ |
| સોયાબીન | ૫૮૫ | ૮૪૦ |
| **મહુવા** | | |
| શીંગ ૩૨ | ૮૦૦ | ૧૨૩૧ |
| શીંગ ૩૯ | ૭૦૨ | ૧૧૭૬ |
| શીંગ ગીરનાર | ૮૨૧ | ૧૨૩૧ |
| શીંગ જી ૨૦ | ૮૬૦ | ૧૨૭૧ |
| જુવાર | ૪૩૨ | ૯૦૦ |
| બાજરી | ૩૧૧ | ૬૧૫ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૬૨૪ |
| અડદ | ૩૩૫ | ૧૪૩૫ |
| મગ | ૮૦૧ | ૧૩૩૦ |
| સોયબીન | ૬૪૦ | ૯૦૧ |
| ચણા | ૭૭૫ | ૧૦૫૧ |
| તલ સફેદ | ૧૪૪૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૧૬૫૦ | ૪૮૩૦ |
| તુવેર | ૮૦૦ | ૮૦૦ |
| જીરૂ | ૧૨૦૧ | ૩૬૦૦ |
| ડુંગળી લાલ જુની | ૬૧ | ૨૨૪ |
| ડુંગળી લાલ નવી | ૭૦ | ૧૧૧ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૪૧૨ |
| કપાસ શંકર | ૭૪૦ | ૧૫૦૦ |
| **કોડીનાર** | | |
| કપાસ ડોળાસા | ૧૦૦૦ | ૧૪૬૦ |
| મગફળી જી-૨૦ | ૭૫૦ | ૧૨૪૨ |
| મગફળી ૩૨ | ૭૫૦ | ૧૨૩૮ |
| બાજરો | ૪૦૦ | ૫૮૬ |
| ઘઉં લોકવન | ૫૦૫ | ૫૮૦ |
| જુવાર | ૭૫૦ | ૯૯૮ |
| અડદ | ૭૦૦ | ૧૪૮૨ |
| ચણા | ૯૫૦ | ૧૧૦૦ |
| તલ | ૧૬૫૦ | ૨૩૨૫ |
| તલ કાળા | ૩૧૫૦ | ૫૧૫૫ |
| સોયાબીન | ૭૮૦ | ૮૮૬ |
| કાંગ | ૪૦૦ | ૫૧૯ |
| **જામનગર** | | |
| બાજરો | ૨૭૫ | ૫૧૦ |
| ઘઉં | ૫૦૭ | ૫૮૩ |
| મગ | ૧૦૦૦ | ૧૩૦૫ |
| અડદ | ૯૦૦ | ૧૨૭૦ |
| ચોળી | ૬૫૦ | ૧૦૦૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૮૯ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૭૯૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૯૦ |
| મગફળી જાડી | ૮૬૦ | ૧૧૭૦ |
| મગફળી ૬૬ | ૧૦૦૦ | ૧૩૩૦ |
| મગફળી ૯ | ૧૧૦૦ | ૧૭૩૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૯૨ |
| તલ | ૧૮૫૦ | ૨૬૦૦ |
| લસણ | ૫૪૦ | ૧૨૯૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૮૫ |
| અજમો | ૧૩૦૦ | ૨૫૫૦ |
| અજમા ની ભુસી | ૫૦ | ૨૦૦૦ |
| ધાણા | ૭૦૦ | ૧૫૯૦ |
| મરચા | ૪૨૫ | ૫૦૦ |
| ડુંગળી સુકી | ૩૫ | ૨૨૫ |
| સોયાબીન | ૭૦૦ | ૯૧૦ |
| વટાણા | ૪૫૦ | ૭૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૫૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૫૫ |
| ચણા | ૮૦૧ | ૧૧૧૧ |
| અડદ | ૬૨૧ | ૧૨૩૬ |
| મગફળી | ૭૦૧ | ૧૨૧૧ |
| શિંગફાડા | ૧૦૦૧ | ૧૧૫૧ |
| તલ સફેદ | ૧૫૦૧ | ૨૪૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૫૧૭૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૮૬ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૮૩૦ | ૧૧૨૦ |
| શીંગ મોટી | ૯૦૦ | ૧૩૪૧ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૯૫ |
| તલ કાળા | ૪૧૦૦ | ૫૩૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૭૦ |
| કપાસ | ૧૧૫૦ | ૧૫૪૫ |
| ઘઉં લોકવન | ૫૨૪ | ૫૮૬ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૬૦૦ |
| બાજરો | ૩૦૦ | ૭૦૦ |
| મકાઈ | ૪૩૫ | ૪૩૫ |
| અડદ | ૭૫૧ | ૧૧૮૦ |
| ચણા | ૮૪૦ | ૧૧૦૯૬ |
| ધાણા | ૧૧૯૦ | -- |
| સોયાબીન | ૮૦૦ | ૮૭૧ |
| અજમા | ૧૪૧૦ | -- |




06

**લાગે તો તીર :** -તે..એ.. અમથાલાલ ક્યાં વિદેશ ગયાં છે?

# બિહારમાં ભાજપ-જેડીયુનો જયજયકાર થઈ ગયો

**બ્રેકિંગ પોઈન્ટ**

નેહા શર્મા



બિહાર વિધાનસભાની ૨૪૩ બેઠકોમાંથી એનડીએને ૨૦૨ અને મહાગઠબંધનને ૩૫ સીટ મળી છે. મતલબ કે, ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએએ લગભગ ૮૩ ટકા બેઠકો જીતી છે. બિહારમાં ભાજપ-જેડીયુ જીતશે પણ આરજેડી-કોંગ્રેસ સહિતના પક્ષો જોરદાર ફાઈટ આપશે એવું મનાતું હતું પણ આવી જબરદસ્ત જીત થશે એવી કોઈને કલ્પના નહોતી એ જોતાં એનડીએની જીત કલ્પનાતિત છે. આરજેડીના નેતૃત્વ હેઠળના મહાગઠબંધનની આવી કારમી હાર થશે એવી પણ કોઈને કલ્પના નહોતી એ જોતાં મહાગઠબંધન માટે આ હાર અત્યંત આઘાતજનક છે.

બિહાર વિધાનસભાની ૨૦૨૦ની ચૂંટણીમાં સૌથી વધારે બેઠકો જીતનારા આરજેડીને આ વખતે માંડ ૨૫ બેઠકો મળી છે જ્યારે કોંગ્રેસ તો બે આંકડે પણ પહોંચી શકી નથી. ચિરાગ પાસવાન, જીતનરામ માંઝી, ઉપેન્દ્ર કુશવાહા જેવા પ્રાદેશિક નેતાઓ કોંગ્રેસને પછાડી ગયા છે. ચિરાગ પાસવાનની લોક જનશક્તિ પાર્ટી તો ક્યાંય આગળ નીકળી ગઈ છે પણ બીજા મર્યાદિત પ્રભાવ ધરાવતા પક્ષો પણ કોંગ્રેસ કરતાં સારો દેખાવ કરીને ચડિયાતા સાબિત થયા છે. કોંગ્રેસ કરતાં તો વધારે સારો દેખાવ અસદુદ્દીન ઓવૈસીની પાર્ટીએ કર્યો છે એ જોતાં કોંગ્રેસ માટે તો આ પરિણામ ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવા જેવા છે.

આ ચૂંટણીમાં નીતિશ કુમાર ડૂબી જશે એવું પણ મનાતું હતું પણ નીતિશ તરી ગયા છે. બિહારમાં છેલ્લાં ૨૦ વર્ષથી નીતિશ કુમારનો દબદબો છે અને આ વખતે પણ નીતિશનો દબદબો જળવાયો છે. ૨૦૦૫થી બિહારના મુખ્યમંત્રી નીતિશે વચ્ચે રાજીનામાનું નાટક કરીને જીતનરામ માંઝીને સવા વરસ માટે મુખ્યમંત્રી બનાવેલા પણ તે બાદ કરતાં નીતિશ ગાદી પર રહ્યા છે એ જોતાં નીતિશને મુખ્યમંત્રીપદે લગભગ ૧૯ વર્ષ થઈ ગયાં. ભારે તિકડમબાજ નીતિશ કુમાર કોઈ વાર ભાજપ તો કોઈ વાર લાલુ પ્રસાદ યાદવના ખોળામાં બેસીને સત્તા પર ટકી રહ્યા છે. નીતિશની જેડીયુએ શાનદાર દેખાવ કર્યો છે એ જોતાં આ વખતે પણ નીતિશ મુખ્યમંત્રી બને તો નવાઈ નહીં લાગે.

ભાજપ વરસોથી બિહારમાં એકલા હાથે સત્તા કબજે કરવા મથે છે પણ ફાવતો નથી કેમ કે બિહારમાં ભાજપ સ્પષ્ટ બહુમતી માટે જરૂરી ૧૨૨ બેઠકો પર પણ લડતો નથી. આ વખતે ભાજપે સૌથી વધારે બેઠકો જીતી છે પણ નીતિશને સત્તામાંથી હટાવવા અઘરા છે એ જોતાં ભાજપ શું કરશે એ જોવાનું છે. આ વાંચતા હશો ત્યારે નીતિશ ફરી ગાદી પર બેસશે કે ભાજપના ભાગમાં મુખ્યમંત્રીપદ જાય છે એ સ્પષ્ટ થઈ ગયું હશે તેથી એ ચર્ચાનો અર્થ નથી.

■■■

બિહારમાં લાલુનું બોર્ડ પતી ગયું ?

બિહારના રાજકારણ પર છેલ્લા સાડા ત્રણ દાયકાથી છવાયેલા લાલુપ્રસાદ યાદવના પરિવારના રાજકીય અસ્તિત્વ સામે આ પરિણામોએ સૌથી મોટો ખતરો ઉભો કરી દીધો છે. લાલુ પ્રસાદ યાદવનો પરિવાર આ ચૂંટણીમાં ભવ્ય કમબેક કરશે અને ફરી બિહારમાં સત્તાના તખ્ત પર બિરાજમાન થશે એવું મનાતું હતું પણ બિહારનાં પરિણામોએ લાલુના પરિવારનું રાજકીય ભાવિ સાવ અંધકારમય બનાવી દીધું છે. યાદવ પરિવારમાંથી લાલુ પ્રસાદ યાદવ અને રાબડી દેવી મુખ્યમંત્રી બની ચૂક્યાં છે. હવે તેમનો દીકરો તેજસ્વી પણ ગાદી પર બેસશે અને યાદવ પરિવારની નવી પેઢીના હાથમાં બિહારની સત્તાનાં સુકાન આવશે એવી વાતો જોરશોરથી ચાલેલી પણ આરજેડીને માત્ર ૨૫ બેઠકો મળતાં હવે યાદવ પરિવારનું શું થશે એ મુદ્દો ચર્ચામાં છે. આરજેડી કરતાં સારો દેખાવ તો ચિરાગ પાસવાનની પાર્ટીએ કર્યો છે.

લાલુ પરિવારની બાદશાહત ખતમ થઈ એ માટે યાદવ પરિવારનો બેફામ ભ્રષ્ટાચાર જવાબદાર મનાય છે. લાલુ પ્રસાદ ૧૯૯૦માં બિહારના મુખ્યમંત્રી બન્યા પછી સળંગ ૧૫ વર્ષ લગી બિહારમાં એકહથ્થુ સત્તા ભોગવી હતી. આ એકહથ્થુ સત્તાનો દુરુપયોગ કરીને યાદવ પરિવારે બેફામ ભ્રષ્ટાચાર કરીને કરોડો રૂપિયા ઘરભેગા કર્યા છે. લાલુએ મુખ્યમંત્રી બનતાં જ ૧૯૯૦ના દાયકામાં ઘાસચારા કૌભાંડ કરેલું ને અબજો રૂપિયા ઘરભેગા કરી દીધેલા.

લાલુ ૧૯૯૦માં પહેલી વાર બિહારના મુખ્યમંત્રી બન્યા ત્યારથી શરૂ થયેલા ઘાસચારા કૌભાંડની વરસો લગી તો કોઈને ગંધ પણ નહોતી આવી. ૧૯૯૬માં તેમનાં પાપ છાપરે ચડીને પોકાર્યાં પછી તેમણે બિહારની ગાદી છોડવી પડેલી. જો કે લાલુને કોઈ ફરક ના પડ્યો કેમ કે તેમણે પોતાની સાવ અભણ બૈરી રાબડી દેવીને ગાદી પર બેસાડીને બિહાર પર વર્ચસ્વ જમાવી રાખ્યું, રાબડી દેવી આઠ વરસ મુખ્યમંત્રી રહ્યા એ દરમિયાન બિહારના વાસ્તવિક મુખ્યમંત્રી તો લાલુ જ હતા. ભાજપ અને નીતિશ કુમારે બહુ મહેનત કરીને ૨૦૦૫માં આરજેડીને પરાજય આપ્યો છતાં લાલુનું વર્ચસ્વ નહોતા તોડી શક્યા. તેના માટે નીતિશ જવાબદાર છે કેમ કે ભાજપ સાથે બગડ્યું ત્યારે સત્તા ટકાવવા લાલુની પંગતમાં બેસીને તેમને ફરી બેઠા કર્યા.

■■■

લાલુ મોટા ખેલાડી છે.

લાલુએ બિહારમાં સત્તા ગઈ એ પહેલાં જ કોંગ્રેસ સાથે જોડાણ કરી દીધેલું તેથી ૨૦૦૪માં કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર આવતાં જ લાલુ રેલવે પ્રધાન તરીકે ગોઠવાઈ ગયેલા. લાલુએ રેલવે પ્રધાન તરીકે પણ બેફામ ભ્રષ્ટાચાર કર્યો અને સીબીઆઈ પર દબાણ લાવીને પોતાની સામેના કેસોમાં કુલડીમાં ગોળ ભાંગીને ક્લીન ચીટ મેળવી લીધેલી.

સદ્નસીબે ભારતમાં ન્યાયતંત્ર સાબૂત છે તેથી સીબીઆઈની ક્લીન ચીટ માન્ય ના રહી અને તેમની સામેના કેસો પાછા ના ખેંચાયા. લાલુએ તેનાથી વિચલિત થયા વિના ભ્રષ્ટાચાર ચાલુ રાખ્યો અને ૨૦૦૪થી ૨૦૦૯ દરમિયાન રેલવે પ્રધાન હતા ત્યારે રેલ્વે મંત્રાલયની જગન્નાથ પુરી અને રાંચીની બે હોટલો આઈઆરસીટીસીને સોંપાયેલી. આ બંને હોટલોના મેન્ટેનન્સનો કોન્ટ્રાક્ટ પટણાની સુજાતા હોટલ્સ નામની કંપનીને અપાયેલો.

આ કોન્ટ્રાક્ટ આપવા માટે ટેન્ડરમાં ઘાલમેલ કરાઈ તેના બદલામાં કંપનીએ પટણામાં સોનાની લગડી જેવી ત્રણ એકર જમીન ડીલાઈટ માર્કેટિંગ નામની કંપનીને માત્ર રૂપિયા ૩૨ લાખમાં આપી દીધી. એક હજાર કરોડ રૂપિયાથી વધારેની જમીન જે કંપનીને અપાયેલી એ લાલુના દીકરાની હતી. આ સિવાય રેલવે વિભાગમાં નોકરી આપવાના બદલામાં ઈચ્છુકો પાસેથી જમીનો પણ લખાવી લેવાયેલી. આ રીતે કરોડોની જમીનો લાલુના પરિવારે પચાવી પાડેલી. બીજા આવા પણ ઘણા કૌભાંડો લાલુના શાસનમાં થયા ને તેમાં તેમનો પરિવાર ફસાયેલો જ છે. ઘાસચારા કૌભાંડને લગતા એક કેસમાં પટણાની સીબીઆઈ કોર્ટે લાલુ પ્રસાદને પાંચ વર્ષની સજા ફટકારી છે. તેના કારણે લાલુ પ્રસાદ પર ચૂંટણી લડવાનો પ્રતિબંધ આવી ગયો છે પણ દીકરાને આગળ કરીને લાલુ પોતાની દુકાન ચલાવે છે.

લાલુ યાદવના પરિવારના બીજા લોકો સામે પણ કેસો ચાલે છે છતાં લાલુનો પરિવાર આજે પણ બિહારના રાજકારણમાં મહત્વનું પરિબળ છે કેમ કે લાલુ પાસે યાદવો અને મુસ્લિમોની મતબેંક છે. તેના કારણે અત્યાર સુધી લાલુની આરજેડી સાવ પતી નહોતી ગઈ. બલ્કે ૨૦૧૫માં નીતિશે ભાજપને પછાડવા ને ખાસ તો પોતાનું રાજકીય અસ્તિત્વ ટકાવવા લાલુને શરણે આવવું પડેલું. એ પછી ૨૦૨૨માં પણ નીતિશ પાછા લાલુના પડખામાં ભરાઈ ગયેલા તેથી લાલુ સાવ પતી નહોતા ગયા પણ આ વખતના પરિણામો લાલુ યાદવના વળતાં પાણીના સંકેત આપનારા છે તેમાં બેમત નથી.

લાલુનો પરિવાર પતી જાય તો અફસોસ કરવા જેવો નથી કેમ કે બિહાર માટે લાલુનો પરિવાર મોટી પનોતી છે. બિહારમાં રાજકારણનું અપરાધીકરણ કરનારા લાલુ યાદવે ભ્રષ્ટાચાર કરવામાં કોઈ કસર છોડી નથી ને રાજકીય ફાયદા માટે કોમવાદને પણ ભડકાવ્યો છે. રાજકીય સ્વાર્થને ખાતર પહેલાં જ્ઞાતિવાદ ને પછી કોમવાદને ભડકાવનારા લાલુના પરિવારે બિહારને પછાત જ રાખેલું. લાલુનો દીકરો તેજસ્વી પણ એવો દમદાર નથી અને લાલુના રસ્તે જ ચાલી રહ્યો છે એ જોતાં આ પરિવાર પતી જશે તો બિહારમાં નવી નેતાગીરી ઉભી થશે ને બિહારને ફાયદો થશે.

■ sanjogpurti@gmail.com

# અમારા છોકરાને તમે મારતા કેમ નથી?



**ધીસ ઇઝ ધેટ**
નારન બારૈયા

છેલભાઈ... (છેલશંકર પ્રા. આસ્તિક) પહેલું ધોરણ ભણાવનાર અમારા શિક્ષક. બસ, એ પછી બીએ પૂરું કર્યા સુધી આવા કોઈ અજબ ગજબ શિક્ષક મળ્યા જ નથી. એમણે જે શીખવ્યું તે માત્ર પહેલા ધોરણમાં જ નહીં ૧૫મા ધોરણમાં પણ કામ લાગતું ગયું, આજે પણ લાગે છે. મને નવાઈ લાગે છે કે છેક એસવાયબીએમાં પણ હું સંસ્કૃતના સવાલોના જવાબ છેલભાઈએ કહેલ રામાયણ, મહાભારત કે હિતોપદેશની કથાઓના આધારે આપતો હતો. જીવનમાં બે ત્રણ બીજા પણ સારા શિક્ષકો જોયા પણ એ સારા શિક્ષકો પણ અંતે તો નોકરીયાત હતા. શિક્ષક તરીકેની પોતાની નોકરી માટે અમને ભણાવતા હતા. પણ દર અઠવાડિયે ઓછામાં ઓછી એકથી બે વખત અમારા ગાલ કે પીઠ ઉપર થપથપાટી કે ધબધબાટી બોલાવનાર છેલભાઈ અમારા હૃદયમાં વસે છે. નોકરી તો છેલભાઈ પણ કરતા જ હતા પણ તેઓ એક નોકરીયાત શિક્ષકથી કશુક વિશેષ પણ હતા. છેલભાઈ એક દિવ્ય શિક્ષક હતા. રગેરગમાં શિક્ષક હતા. ''સોટી વાગે ચમ ચમ અને વિદ્યા આવે ધમ ધમ'' એ એમનો સિદ્ધાંત હતો. સોટી વાગ્યા વગર પણ વિદ્યા તો આવતી જ હશે પણ તે ધમધમ કરતી ધમધોકાર શૈલીમાં ન આવે. એમનો સોટીપ્રયોગ દરરોજ કોઈને કોઈ વિદ્યાર્થી ઉપર થતો જ રહેતો. ક્યાંક ને ક્યાંક કોઈકને કોઈ વિદ્યાર્થી ઉપર ફટાફટી બોલતી જ રહેતી. અમે લોકો હતા પણ એવા વાંગડ. પણ અમને સાચા હૃદયના પ્રેમથી ઢીબી ઢીબીને એમણે ભણાવ્યા. મારા મધર ક્યારેક નિશાળે અમારા ક્લાસરૂમ સુધી આવી જતા. છેલભાઈને બહાર બોલાવતા અને કહેતા- ''અમારા નાણિયાને બેક નીરણ કરતા રહેજો.'' મારા મધર જેવી ભલામણ ઘણાં માવતરો કરતા. પણ એ દિવસોમાં પણ કેટલાક માવતરો અધુરીયા જીવવાળા હતા. કેટલાક માવતરો અને તેમાં ખાસ કરીને મહિલાઓ છેલભાઈ પાસે આવીને એવી ફરિયાદ કરતી કે ''અમારા છોકરાને તમે મારતા કેમ નથી? અમારો છોકરો હાવ ઢગલાનો ઢ છે. બેક બેક નીરણ કરતા રહેજો...''

અમારા પ્રથમ ધોરણના શિક્ષક છેલશંકર પ્રા. આસ્તિક એક ધબધબાટીભરી જીવંત અને દિવ્ય યુનિવર્સિટી હતા. આજના પોચા પોદળા જેવા શિક્ષકો કંઈ ભણાવતા નથી. નવી પેઢીમાં જે જ્ઞાન વધ્યું છે એ તો ટેકનોલોજીનો પ્રભાવ છે, મીડિયાનો પ્રભાવ છે. પત્રકાર બન્યા પછી એવા ઢગલાબંધ સમાચાર છેલ્લા ૨૫ વર્ષમાં મારી કલમમાંથી પસાર થયા છે કે જેમાં એવું કંઈક શીર્ષક બંધાયું હોય કે ''વિદ્યાર્થીને ઢોરમાર મારતો હેવાન શિક્ષક'' આમાં ''હેવાન'' શબ્દ મેં ના લખ્યો હોય, એ તંત્રીએ ઉમેર્યો હોય, અથવા મને સૂચના મળી હોય કે આમાં લખજો કે શિક્ષક બન્યો રાક્ષસ. આવું લખતી વખતે એક વિચાર જરૂર આવેઃ હું કોઈ છેલભાઈ જેવા દિવ્ય શિક્ષકને અન્યાય તો નથી કરી રહ્યો ને?

■ naranbaraiya277@gmail.com

# શિક્ષક વર્ગનો સાધક છે...



**સામાજિક અને શૈક્ષણિક**

ડો. વિપુલ ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

ચાણક્ય કહે છે કે, શિક્ષક ક્યારે પણ સાધારણ હોતો નથી. સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ કરે છે. શિક્ષકો સમાજનું દર્પણ છે. તેમના થકી રાષ્ટ્રની નીવ મજબૂત બનતી હોય છે. આજે વર્ગમાં માત્ર પાઠ્યપુસ્તક પૂરતું શિક્ષણ આપવાથી બાળકનો સર્વાંગી વિકાસ નહીં થાય. તેને વિષયને અનુરૂપ સંદર્ભ અને પ્રસંગો કહેવા પડશે.

શિક્ષણએ માત્ર પાઠ્યપુસ્તકોનું જ્ઞાન આપવાનું કાર્ય નથી, પરંતુ માનવીના હૃદય સુધી પહોંચવાનું એક દૈવી સાધન છે. શિક્ષક વર્ગખંડમાં પ્રવેશે ત્યારે તે બાળકોના હૃદયમાં આનંદની લાગણી વ્યક્ત થવી જોઈએ, તેને વર્ગમાં ભણવું ગમે તેવું સર્જનાત્મક કામ કરનાર શિક્ષક આ રાષ્ટ્રનું ધન છે. શિક્ષક પોતે બાળક બની જાય, બાળકોની નજરથી દુનિયાને જુએ, તેમની ભાષામાં વાત કરે, તેમની લાગણીઓ સમજે ત્યારે જ તે ખરેખર શિક્ષક બને છે. કારણ કે શિક્ષણનું મૂળ તત્વ છે સંવાદ, સહાનુભૂતિ અને પ્રેમપૂર્વક વિદ્યાર્થીનું ઘડતર કરવાનું છે.

શિક્ષકનો અર્થ ''શિક્ષણ આપનાર'' એટલો જ નથી. ''શિક્ષક'' શબ્દ 'શિક્ષા'માંથી ઉત્પન્ન થયો છે, જેનું મૂળ લક્ષ્ય છે ''જીવન જીવવાની કળા શીખવવી.'' જો શિક્ષક માત્ર ''સાહેબ'' તરીકે વર્ગખંડમાં બેઠો હોય ત્યારે ગંભીર ચહેરા સાથે, ડર અને શિસ્તનું વાતાવરણ જાળવી રાખે તો બાળકોના મનમાં ડર ઉત્પન્ન થાય છે. શીખવાના સમયે વર્ગમાં શિસ્ત પણ અનિવાર્ય છે. બાળકની ભૂલ થઈ હોય તેમાં માર્ગદર્શન આપે તો બાળકના મનમાં શિક્ષક માટે આદર અને પ્રેમ જન્મે છે. શિક્ષકનું બાળક બનવું કેમ જરૂરી? બાળકનું મન ખૂબ નાજુક અને સંવેદનશીલ હોય છે. તે પ્રેમ, હાસ્ય અને ઉત્સાહથી ભરેલું હોય છે. જો શિક્ષક બાળકની મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો સમજી શકશે નહીં, તો શિક્ષણ એકતરફી પ્રવૃત્તિ બની રહેશે.

શિક્ષક બાળક બને એટલે તે બાળકની દુનિયામાં પ્રવેશી જાય છે. તેનાં રમકડાં, ગીતો, કલ્પનાઓ, પ્રશ્નો અને ઉત્સુકતા સાથે જીવવા લાગે છે. બાળકની અંદર રહેલ કૌશલ્ય, આવડત, રસ-રૂચી અને સર્જનાત્મક પ્રવૃત્તિને સમજી શકવા માટે શિક્ષકે બાળકમય બનવું પડે. શિક્ષક પોતાના વર્ગમાં અધ્યાપન કાર્ય કરતો હોય ત્યારે તેમના સંદર્ભ અને પ્રોજેક્ટને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓની શીખવાની પ્રક્રિયાને કેન્દ્રસ્થાને રાખી અધ્યયન કાર્ય કરે છે. તેના પૂર્વજ્ઞાનને ચકાસી વિષય પ્રવેશ કરાવે છે. જેનાથી બાળકની સમજણ શક્તિ વ્યાપક બને છે. સરળતાથી કઠિનતા તરફ લઈ જવાની આવડત શિક્ષકનું ઘરેણું છે.

બાળક મનનું વિજ્ઞાન, બાળકની મનોદશા અલગ છે. તેને કુતૂહલ ગમે છે, પ્રોત્સાહન જોઈતું હોય છે, ભૂલને શીખવાની તક તરીકે જોવાની જરૂર છે. શિક્ષક જો બાળકની જેમ હસે, રમે, ગીત ગાય, વાર્તા કહે તો તે બાળકના મનમાં પ્રવેશે છે. આ રીતે શિક્ષક બાળકની વિશ્વાસની સીમામાં પ્રવેશી શકે છે અને જ્યાં વિશ્વાસ છે ત્યાં શિક્ષણ આપોઆપ ફૂલે ફાલે છે. શિક્ષકનું માર્ગદર્શન અસરકારક હોવું જોઈએ. બાળકોની સુષુપ્ત શક્તિઓને ઓળખી તેને શૈક્ષણિક અને સાંસ્કૃતિક કલા તરફ વાળવા જોઈએ. કેટલાક બાળકો તોફાની હોય પરંતુ તેની બૌદ્ધિક ક્ષમતા શ્રેષ્ઠ હોય તેવા બાળકને પોતાની પાસે બોલાવી શાંતિ અને શિસ્તથી સમજાવવાની જરૂર છે. બાળકોનું હોમવર્ક તેમજ રોજબરોજ તૈયારી કરે છે તેના ઉપર ધ્યાન આપવાની તાતી જરૂરિયાત છે. બાળકો આપણા અન્નદાતા છે. તેમને શ્રેષ્ઠ શિક્ષણ આપવું તે જ આપણું કર્મ હોવું જોઈએ. ધાક-ધમકી કે પરીક્ષામાં નાપાસ કરવો છે તે શિક્ષણનું અપવ્યય લક્ષણ છે.

બાળકો સાથે ખુશ રહીને અભ્યાસ કરાવો. ઘરના ટેન્શન લઈને વર્ગમાં પ્રવેશ કરો ત્યારે અસરકારક શિક્ષણ આપી શકાતું નથી. બાળકોને ટેકનોલોજી તરફ વાળવાની જરૂર છે. બાળકોને કાર્ય કરતા કરવાના છે. આપણે માત્ર માર્ગદર્શક તરીકે શૈક્ષણિક કાર્ય કરીએ. બાળકોનું જૂથ બનાવી અધ્યયન કાર્ય કરવા માટે પ્રેરણા આપીએ. બાળકોને વિશ્વ ફલકની રોજબરોજની ઘટનાઓ કહેવી જોઈએ તેના માટે સમય મર્યાદાને કેન્દ્રસ્થાને રાખી રજૂઆત કરવી જોઈએ. બાળકની અંદર પડેલા કૌશલ્યોને કંડારવા માટે શાળાઓ છે. આ બાબત દરેક શિક્ષક મિત્રોએ શીખી લેવાની જરૂર છે.

બોર્ડ પરીક્ષા આવવાની હોય તે સમયે બાળકો ઉપર એટલો બધો તનાવ નાખવામાં આવે છે જાણે કે, પાકિસ્તાનના આતંકવાદીઓ વર્ગખંડમાં પ્રવેશી ચૂક્યા હોય તેવી પ્રતીતિ કરાવે છે. વિદ્યાર્થીઓને ખુશ રાખવાની કલા એ શિક્ષકનો પહેલો ગુણ છે. **NEP** ૨૦૨૦ (રાષ્ટ્રીય શિક્ષણ નીતિ) પણ આ વાત પર ભાર મૂકે છે કે શિક્ષણ રમૂજથી, આનંદથી અને સંબંધોના માધ્યમથી આપવું જોઈએ. **NEP** માં બાળકની અંદર પડેલી સર્જનાત્મક પ્રવૃત્તિ થતી સર્વાંગી વિકાસ તેનો મુખ્ય હેતુ છે.

''શિક્ષણ'' એ માત્ર ''બતાવવું'' નહીં પણ ''જગાડવું'' છે. બાળકની અંદર રહેલું જ્ઞાન, બુદ્ધિ અને ભાવ જગાડવા માટે શિક્ષકને બાળકના હૃદય સુધી પહોંચવું પડે. અને તે ત્યારે જ શક્ય બને, જ્યારે તે પોતે બાળકની જેમ નિર્દોષ, ઉત્સુક અને પ્રામાણિક બને.

સાચો શિક્ષક એ નથી જે પોતાના અધિકારથી શીખવે, પરંતુ એ છે જે બાળકની દુનિયામાં પ્રવેશે, તેમની આંખોમાં જોઈને, તેમની ભાષામાં બોલીને તેમના હૃદયમાં જ્ઞાનનો દીવો પ્રગટાવે એ સાહેબ.'' તરીકે શિક્ષક માત્ર વર્ગનું શાસન કરી શકે, પરંતુ ''બાળક'' બનીને શિક્ષક બાળકોના હૃદયમાં સ્થાન મેળવે છે. જ્યાં હૃદય જીતી શકાય ત્યાં જ જ્ઞાનના બીજ વાવી શકાય. બાળકો માટે કામ કરવાનું સદ્ભાગ્ય સૌ શિક્ષક મિત્રોને મળ્યું છે ત્યારે માત્ર નોકરી ન કરતા એક કર્મયોગી અને કર્મશીલ શિક્ષક બનીને દેશના ભવિષ્યને ઉજ્જવળ તેમજ પ્રગતિશીલ બનાવીએ. આજકાલ શિક્ષકનું સમાજમાં માન કેમ ઘટ્યું છે તેના ઉપર પીએચ.ડી. કરવાની જરૂર છે. બાળદેવો ભવઃ

■ Mo.9825702282

# પૌષ્ટિક ખોરાક - ખીચડી






સામાન્ય રીતે લોકો ચોખા સાથે મગની દાળ ભેળવીને ખીચડી બનાવે છે. પરંતુ મગની દાળને બદલે અન્ય અનેક પ્રકારની દાળો ચોખા સાથે ભેળવવામાં આવે છે. મગ, મસૂર, અડદ, ચણા, વટાણા, તુવેર વગેરે સર્વ પ્રકારની દાળની ખીચડી બનાવવામાં આવે છે. પરંતુ ચોખા બધામાં સામાન્ય છે. બે દાળ ભેગી કરવાથી ખીચડી બનતી નથી, ચોખા અને દાળને ભેગાં કરીને જ ખીચડી બનાવાય છે.

મગ, મઠ, અડદ વગેરેની દાળ અને ચોખા ભેગા કરીને આંધણમાં ઓરવામાં આવે છે તેમાં તુવેર, ચણા, વટાણા વગેરેને ચઢતા વાર લાગે છે તેથી તે પહેલાં ઓરવામાં આવે છે અને તે થોડા ચઢે પછી ચોખા ઓરવામાં આવે છે.

ખીચડી ત્રણ પ્રકારની બનાવવામાં આવે છે. ઢીલી, ઘટ્ટ અને દાણાદાર અથવા છુટ્ટી. જેવી બનાવવી હોય તેવા પ્રમાણમાં આંધણ મૂકવામાં આવે છે. વધારે પાણીથી ઢીલી ખીચડી બને છે. માપના પાણીથી ઢીલી ખીચડી બને છે. સામાન્યથી ઓછા પાણીથી છૂટ્ટી ખીચડી બને છે.

વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

ખીચડી પ્રમાણમાં શુષ્ક હોય છે તેથી ખીચડીમાં વધુ ઘી ખાવાનું પ્રચલન છે. ઘી ઓછું ખવાય તો ખીચડી ખાઈને તરસ વધારે લાગે છે.

ખીચડી સાથે દહીં, પાપડ, ઘી, આચાર ખાવાથી ખીચડી સ્વાદિષ્ટ લાગે છે.

સ્વાસ્થ્ય સારૂ હોય ત્યારે તથા માંદગી હોય ત્યારે પણ સાદી ખીચડી પોષણ આપે છે. ખીચડી સ્વાદિષ્ટ અને સુપાચ્ય બન્ને હોય છે. સાજા માણસો માટે મિક્સ વેજિટેબલ ખીચડી, તુવેરદાળની મસાલાવાળી ખીચડી લોકો વધુ બનાવતા હોય છે. ખીચડી સામાન્ય રીતે ચોખાની બનાવાય છે. પરંતુ તેની વિવિધતા અનુસાર દલિયાની એટલે કે ઘઉંના ફાડાની, બાજરીની, જુવારની, મકાઈની પણ ખીચડી બનાવાય છે. ઉપવાસમાં સાબુદાણાની, મોરૈયાની, સામાની ખીચડી બનાવાય છે. માંદા માણસો જેવા કે, વાત અને કફના રોગી માટે લવિંગના વધારવાળી, પિતના રોગીને ધાણાના વધારવાળી, મેદના રોગીને એલચી વાળી અને ભોજનમાં રૂચિ ન રહી હોય એવા રોગી માટે જીરાના વઘાર વાળી ઢીલી ખીચડી જમવામાં સારી રહે છે. આમ, ખીચડી એક પૌષ્ટિક આહાર છે.

hemangidmehta@gmail.com

# તે..એ.. અમથાલાલ ક્યાં વિદેશ ગયાં છે?




"સીર..સીર..સીર..., આ સીર છે શું? અને કોને ચીરવાના છે? કેમ ચીરવાના છે? શા માટે કોઈને ચીરવાના છે? અને કોઈને ચીરવાથી તમને શું ફાયદો છે? "

બકાએ આવીને બોસ આગળ હૈયા વરાળ ઠાલવી.

"બસ..બસ..બસ, બકા બસ કર. આમ આટલો બધો ઉતાવળો ના થા. આખરે તારી મૂળ તકલીફ શું છે ?"

બોસે બકાને પાંહે બેહાડીને ટાઢો કર્યો.

"બોસ, મારું માથું ભમી રહ્યું છે. ટી.વી.માં જોવો તો સીર..સીર, છાપાંમાં વાંચો તો સીર..સીર અને આનાથી કંટાળીને ઘરની બહાર નીકળો તો રીક્ષાના ભૂંગળા વાગે છે, સીર..સીર..! આખરે કોને કેટલા ચીરવાના છે ? એ કોઈ કરતાં કોઈ ફોડ પાડતું નથી.

વિપક્ષ કહે છે કે, અમે ચીરાઈ જશું. સત્તાપક્ષ કહે છે, અમે આ નહીં કરીએ તો અમે ચીરાઈ રહ્યા છીએ. આખરે મને એ નથી હમજાતું કે, આમાં ચીરાઈ કોણ રહ્યું છે??"

લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"બકા, આ સીર એટલે SIR આટલી જ મને ખબર છે. તારે વધું જાણવું હોય તો અભણ અમથાલાલ પાંહે વધારે માહિતી હશે. કોને ચીરવાના છે? કેટ- કેટલા ચીરવાના છે? અને ક્યાં સુધી ચીરવાના છે?"

"તે..એ.. અમથાલાલ ક્યાં વિદેશ ગયા છે? અહીં જ તો છે. કેમ અમથાલાલ! તમારું શું અનુમાન છે?"

"જો ભાઈ..! હું અંબાલાલ નથી કે સચોટ ભવિષ્યવાણી કરી શકું. હું અભણ જેવો અમથાલાલ છું. પણ, હા સીર( SIR )સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન સીરનો અર્થ આ થાય છે. તમે જે ચિરફાડની વાતો કરો છો એ અંડરલાઈન વાતો છે. રાજકારણથી પ્રેરિત વાતો છે. રાજકારણના સ્પે. શબ્દકોષની વાતો છે. પણ, હા સીર છે સલામત."

અભણ અમથાલાલે કામની હાસી વાત કરી.

"અમથાલાલ તમે સીર સલામતની વાત કરો છો? અહીં તો સીર..સીરની સૌ વાતો કરે છે. અને ભૂંગળા 'ય એમ જ ભોંકે છે. અમથાલાલ! જરાં ફોડ પાડીને વાત કરો. આ સીર શું છે? અને એને લઈને કોણ નીકળ્યું છે?"

"જૂઓ સરકારનું એક ખાતું છે. ઈલેકશન કમિશન. જે જ્યાં ત્યાં ચૂંટણી કરાવે છે. એમને સીર દ્વારા વધારાના મતદારોને કાઢી નાખવા છે. જેમ કે, બિહારમાં પચાસેક લાખ મતદારો નીકળી ગયા. એમ કદાચ ગુજરાતમાં 'ય બને."

"હા, તો હું એમ જ કહેતો હતો કે, બિહારમાં પચાસેક લાખ લોકોના સીર કપાઈ ગયા ને !?"

"ના બકા ના. એમનાં ચિર પહેલાંથી જ કપાઈ ગયેલાં હતાં જ. માત્ર એમનું ધડ એટલે કે, નામ જ હાલતું હતું."

"તો.. તો સરકારે હારું કામ કર્યું. પણ, છતાંય આટલી બધી હો હા કેમ છે? અને આવું જટીલ કામ કોણ કરી રહ્યું છે?"

"સરકારને બીજું કોણ મળે ? માસ્તર સિવાય કોઈ આ કામ કરી શકે ? સરકારના એક પ્રકારના વધારાના દાડિયા. એટલે બી.એલ.ઓ. BLO (બુથ લેવલ ઓફિસર)"

"તો હવે હમજાયું કે આ બધો ગણગણાટ આ લોકોનો છે."

બકાએ લમણે આંગળી મૂકી.

"તે..એ.. ગણગણાટ હોય જ ને. બી.એલ.ઓ.માં ભાઈઓ હોય સાથે સાથે બહેનો પણ હોય." "તે હોય જ ને..! પગાર તો બન્નેનો સરખો જ આવે છે ને !?"

"માત્ર પગારની વાત નથી. આ એક ક્રિટીકલ કોયડો છે. એક જણને બારસોથી પંદરસો ફોર્મ નામ શોધીને વિતરણ કરવાનાં છે /ફોર્મ ભરી આપવાના છે/ અને સમજાવવાના પણ છે. અને હારે હારે નિશાળમાં છોકરાઓને ભણાવવાના પણ છે. એક દિવસમાં એક વ્યક્તિ માંડ માંડ પચાસેક ફોર્મ વિતરણ કરી શકે છે. આમ ગણો તો ફોર્મ વિતરણમાં એકાદ મહિનો લાગે. એકાદ મહિનો ફોર્મ પાછા લેવામાં લાગે. હવે આ કામ સરકારને એકાદ અઠવાડિયામાં કરાવી લેવું છે. હવે તમે જ કહો.. ગણગણાટ તો થાય જ ને !!"

"અરે પણ, સરકાર બધા જ કામમાં ઢીલી છે, તો આ કામમાં ઉતાવળી કેમ ? અને આખર માસ્તર પણ માણસ છે."

"એ જ તો ગણગણાટ છે. તમે સમયસર કામ ન કરો તો ધરપકડ સુધી સરકાર કાગળીયા કરે છે. અરે.. મેં તો કેટલી 'ય બહેનોને ચોધાર આંસુડે રડતાં જોઈ છે. ભૂખ્યા, તરસ્યા ભટકતાં જોઈ છે. રાત દિવસ એક કરતાં જોઈ છે. પ્રસંગોને છોડતાં જોઈ છે. રાતના અગિયાર વાગ્યે 'ય મતદાર સાથે ફોનમાં વાત કરતાં 'ય જોઈ છે અને ટાણે કટાણે વારંવાર મોટા સાહેબની ડાટ સાંભળતાં 'ય જોઈ છે."

"ઓ..હો.. હો..! આપણી મૃદુ સરકાર આટલી બધી ઝૂલમી છે? આ તો માકડને મોઢું આવ્યું કહેવાય.

પણ, આ તમે કહ્યું એ હંધૂય હાસુ છે?"

"તમારી આજુબાજુમાં કોઈ બી.એલ.ઓ. રહેતા હોય તો, પૂછી લેજો. બપોરનું બરોબર જમ્યા કે બાકી છે? રાત્રે નીંદર આવી કે, ઉજાગરો કર્યો? સંયુક્ત કુટુંબમાં કામ માટે વડછડ થઈ કે થવાની છે?"

બકાએ માથે હાથ મૂકીને કહ્યું.

"તો તો ભાઈ.. આ માસ્તરની નોકરી કાહટી વાળી છે. અને આવું બધું કામેય ખૂબ કાહટી વાળું તો છે જ.

મને એમ કે.., માસ્તરને એ..ય ને ટેસડા ટેસડા જ છે. પણ, હેં અમથાલાલ... એ તો કહો કે, આ હંધૂય કોના ભોગે થશે?"

"લો કર લો બાત!! શિક્ષણના ભોગે જ તો વળી."

kalubhaibhad123@gmail.com

# ચાલો પર્વતાધિરાજ ગિરનારની સફરે..(૨)



યાત્રિકો માળવેલાથી નીકળી ગિરનારની પૂર્વમાં થઈ દક્ષિણ તરફ વિસામો લેતા આગળ ધપી સાંજે બોરદેવીમાં રાત્રી રોકાણ કરે છે. રળિયામણી જગા અને ગાઢ જંગલમાં બોરદેવી માતાનું શિખરબંધ મંદિર છે. સ્કંદપુરાણમાં આ જગાનો ઉલ્લેખ મળે છે. ભગવાન શ્રી કૃષ્ણના બહેન સુભદ્રાના અહીં અર્જુન સાથે લગ્ન થયા હતા. મા જગદંબા અંબિકા અહીં બોરડીમાંથી પ્રગટ થયા હોઈ, બોરદેવી નામ પડ્યું હતું. જેના એક તરફ પાણી અને બીજી તરફ ગઢ છે, તેવા ગિરનારની લીલી વનરાજી માનસિક શાંતિ આપે છે. બોરદેવી માનાં દર્શન કરી રાતની ઊંઘ માણી સવારનો પંથ કાપવાનો ચાલુ કરી ભવનાથ તરફ વળે છે. આમ ઘણા યાત્રિકો ગિરનાર ચઢી દેવસ્થાનોનાં દર્શન કરે છે. જ્યારે કેટલાંક ભવનાથ મહાદેવનાં દર્શન કરી, દામોદર કુંડમાં સ્નાન કરી પદયાત્રા પૂરી કરે છે. કારતક સુદ અગિયારસથી આરંભાયેલી આ લીલી પરિક્રમા દેવ દિવાળીના દિવસે શારીરિક ક્ષમતાની કસોટી કરી પૂરી થાય છે.

-ભવનાથનો મેળો : ભવનાથ મહાદેવ વિશે શાસ્ત્રોમાં કરેલા ઉલ્લેખ મુજબ ભવનાથ મહાદેવની કથા પ્રમાણે જ્યારે પ્રલય થયો અને બ્રહ્માના દિવસનો અંત આવ્યો, ત્યારે સૃષ્ટિ રુદ્રમાં લય પામી. પ્રભાત થયું ત્યારે બ્રહ્મા, વિષ્ણુ તથા રુદ્ર સત્વ, રજસ અને તમસ રૂપે પ્રગટ થયા. પ્રલય વખતે શિવ જળમાં સમાધિસ્થ હતા. બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર વચ્ચે કોણ મોટું એનો વિવાદ જાગ્યો. ત્યારે શિવ વચ્ચે પડયા અને બ્રહ્માને ઉત્પતિ, વિષ્ણુને પાલન પોષણ અને રુદ્રને સંહારનું કામ સોંપી તકરારનો અંત લાવ્યા.

પ્રવાસ નામા
જયસ્વી પટેલ

ગિરનાર ચોર્યાશી સિદ્ધોનું નિવાસસ્થાન હોઈ, સેંકડો વર્ષથી અહીં સાધુ-સંતોનો મેળો ભરાય છે. લોકવાયકા છે કે, અમરાત્મા અશ્વત્થામા અને પાંચ પાંડવો આ મેળામાં શિવરાત્રિની મધરાતે મૃગીકુંડમાં સ્નાન કરી ભવનાથ મહાદેવનાં દર્શન કરવા આવે છે. ભવનાથની તળેટીમાં મહા વદ નોમથી ચૌદશ સુધી ભરાતો આ મેળો સ્વંયભૂ છે. આ મેળામાં સંસારીઓ કરતા સાધુઓ વધુ જોવા મળે છે. આ મેળામાં સાધુઓ માટે અખાડાની અને ઉતારાની સાથે રાવટીની સુવિધા કરાય છે. ગિરનારની ગોદમાં યોજાતા આ મેળામાં આવતા સાધુ-સંતો પૈકી ઘણા સાધુ-સંતો મૃગીકુંડમાં સ્નાન કરે છે.

આ મેળામાં જેરામબાપાનો ગિરનારી ઉતારો, તોરણિયાનો ઉતારો, પરબનો ઉતારો, ભૂરાભગતની રાવટી, લક્ષ્મણ બારોટનો ઉતારો, ખોડિયાર રાસ મંડળની રાવટી, માખાવડનો ચીનુબાપુનો ઉતારો, દરેક જ્ઞાતિની જગા દ્વારા સવાર, બપોર, સાંજ ત્રણેય ટાઈમ ભોજન સાથે રાતે સૂવાની સુવિધા કરાય છે. જ્યાં ભોજન, ત્યાં ભજન મુજબ થોડા-થોડા અંતરે ભોજન સાથે ભજન-કિર્તનમાં જાણીતા કલાકારો સંતવાણી યોજે છે. મેળામાં ખાણી-પીણીના સ્ટોલ તથા મનોરંજન માટે જુદી-જુદી જાતના ચગડોળ, રોશની, ઝૂલા, ખેલકૂદ ગોઠવાય છે.

-નાગા બાવાઓનું સરઘસ : ભવનાથનાં મેળાનું મુખ્ય આકર્ષણ એટલે રાત્રે ૯ વાગ્યે નીકળતું નાગાબાવાઓનું સરઘસ. આ સરઘસ શિવરાત્રિની રાતે ભવનાથ મંદિરની પાછળ જૂના દશનામી પંથ-અખાડા ખાતેથી નીકળે છે. નાગાબાવાઓનું આ સરઘસ છ દિવસના મેળાની ચરમસીમા છે. સરઘસમાં પ્રથમ પંચદશનામી અખાડાની પાલખી ભગવાન દત્તાત્રેયની હોય છે. અભાવ અખાડાના ગાદીપતિની પાલખી અને અગ્નિ અખાડાના ગાયત્રીજીની પાલખી સાથે આખા વિસ્તારમાં ફરે છે. આ સરઘસમાં હાજર સાધુ-સંતો પોતાના રસાલા, ધર્મધજા અને ધર્મદંડ સાથે જોડાય છે. નાગાબાવાઓના ભાલા, તલવાર તથા પટાબાજીનાં ખેલ અને લાઠી પ્રયોગો જોવા લોકો ઉમટી પડે છે. આ સરઘસમાં કેટલાક નાગાબાવા પોતાની ઈન્દ્રીય વડે વાહનને ખેંચી લોકોને મંત્રમુગ્ધ કરે છે. લોકમાન્યતા મુજબ અમરાત્મા અશ્વત્થામા, પાંચ પાંડવો, રાજા ગોપીચંદ અને ભરથરી પણ સાધુવેશે આ સરઘસમાં હોય છે. આ સરઘસ ફરતું ફરતું ભવનાથ મંદિરના બીજા દરવાજેથી બાજુના મૃગીકુંડ પાસે આવે છે. ત્યાર પછી નાગાબાવા અને સાધુ-સંતો-મહંતો વારાફરતી મૃગીકુંડમાં સ્નાન કરવા પડે છે. જેમ કુંભના મેળામાં શાહી સ્નાનનું મહત્ત્વ છે, તેમ આ મેળામાં મૃગીકુંડમાં સ્નાનનું મહત્ત્વ છે. કહેવાય છે કે, આ કુંડમાં નહાવા પડેલા અમુક સાધુ બહાર આવતા નથી, અંદરથી જ અદ્રશ્ય થઈ જાય છે. અહીં સ્નાન કર્યા બાદ ભવનાથ મહાદેવના પૂજા-આરતી કરાય છે.

-મૃગીકુંડ : ભવનાથ મહાદેવ નજીક આવેલા મૃગીકુંડની કથા પણ વિસ્મયભરી છે. કાન્યકુબ્જનાં રાજા ભોજને તેના અનુચરે એક દિવસ કહ્યું કે રેવતાચળનાં જંગલમાં હરણનાં ટોળામાં માનવ શરીરધારી કોઈ સ્ત્રી ફરે છે, હરણની માફક કૂદે છે. તેનું મોઢું હરણનું અને તન સ્ત્રીનું છે. જેથી રાજા દિવસોની મહેનત પછી એ નવતર પ્રાણીને મહેલમાં લાવ્યા ને પંડીતોને એનો ભેદ ઉકેલવા કહ્યું. વિદ્વાનોને કોઈ માર્ગ ન મળતા રાજા ભોજ કુરૂક્ષેત્રમાં તપ કરતા ઉર્ધ્વરેતા ઋષિ પાસે જાય છે.

ઉર્ધ્વરેતા ઋષિએ મૃગમુખીને માનવીની વાચા આપતાં, તેણે પોતાના ગત જન્મની વાત કરી. એ આગલા ભવમાં રાજા ભોજ સિંહ હતો અને મૃગમુખી મૃગલી હતી. સિંહે મૃગલીનો શિકાર કર્યો ત્યારે ભાગવા જતા વાંસની ઝાડીમાં તેનું મસ્તક અટવાયું અને બાકીનું શરીર સુવર્ણરેખા નદીમાં પડ્યું. નદીના પવિત્ર પાણીમાં શરીર પડવાથી તેને માનવજન્મ મળ્યો. પણ મોઢું ઝાડીમાં હોવાથી મુખ હરણીનું રહ્યું. જેથી ઉર્ધ્વરેતા ઋષિનાં આદેશ પ્રમાણે રાજા ભોજે તપાસ કરાવી તો ઝાડીમાંથી હરણીની ખોપરી મળી. તેને સુવર્ણરેખાનાં જળમાં પધરાવી તેથી મૃગમુખીનું આખું શરીર માનવીનું બની ગયું. રાજા ભોજે વિદ્વાનોના આશીર્વાદ લઈ તેની સાથે લગ્ન કર્યા બાદ પત્નીનું સૂચન માની રાજાએ રેવતાચળ (ગિરનાર)ની તળેટીમાં કુંડ બનાવડાવ્યો, તે આ મૃગીકુંડ.

-જૈન મંદિરો : ગિરનાર પર્વત પર અનેક જૈન મંદિર પણ આવેલા છે. જેમાં, નેમિનાથનું મંદિર, અરિષ્ટ નેમિનાથ મંદિર, મહારાજા કુમારપાળે બંધાવેલું મંદિર, વસ્તુપાળ વિહાર, સમ્રાટ સંપ્રતીએ બંધાવેલું મંદિર, ચૌમુખજી મંદિર, શેઠ ધર્મચંદ હેમચંદે બંધાવેલું મંદિર, નેમીનાથ દેરાસર...એમ ઘણાં જૈન મંદિરો અહીં આવેલા છે.

- અશોકનો શિલાલેખ : સમ્રાટ અશોકનો શિલાલેખ જૂનાગઢથી ગિરનાર જતાં માર્ગમાં આવતું ઐતિહાસિક સ્થળ છે. આ શિલાલેખ મૌર્ય વંશમાં થયેલ અશોકના નામથી પ્રચલિત છે. જે ૭૫ ફૂટના ઘેરાવામાં આશરે ૨૨૦૦ વર્ષ પહેલાંનો ઐતિહાસિક વારસો છે. સમ્રાટ અશોકના શિલાલેખમાં ૧૪ આજ્ઞા કોતરેલી છે. તેમાં યજ્ઞ કે શિકાર માટે પશુવધ ન કરવાનો, માણસો અને જાનવરો માટે ઔષધિના વાવેતરનો, લોકોને ધર્મ પાળવાનો, મિત્રો, બ્રાહ્મણો અને શ્રમણોના સત્કારનો, દરેક ધર્મ-સંપ્રદાય પ્રત્યે સહિષ્ણુતા જેવા ઉપદેશ આપ્યા છે. ૨૨૦૦ વર્ષથી સચવાયેલો આ શિલાલેખ ભારત સરકારના પુરાતન વિભાગ દ્વારા સચવાયો છે. ( ક્રમશઃ)

sanjogpurti@gmail.com

# ઠંડક આવી, ઠંડક આવી!



લાલિયો કૂકડો રોજ સવારે વહેલો ઉઠીને "કૂક-ડે-કૂ! કૂક-ડે-કૂ!" કરતો અને બધાને જગાડતો. લાલિયાનું કૂક-ડે-કૂ એટલે બધાને જાગવા માટેનું અલાર્મ! એક સવારે લાલિયો જ્યારે એના ઘરમાંથી બહાર આવ્યો, ત્યારે એને નવાઈ લાગી! એણે જોયું કે જમીન પર ઝાકળનાં બિંદુઓ જાણે કે નાનાં મોતીની જેમ ચમકતાં હતા. સૂરજદાદા પણ હજુ બરાબર જાગ્યા નહોતા! હજુ લાલિયો કાંઈ વિચારે એટલામાં ઠંડો-ઠંડો પવન ફૂંકાયો. 'અરે! અરે! આ શું થઈ રહ્યું છે? આજે આટલી ઠંડક કેમ છે?' લાલિયો ધ્રૂજવા લાગ્યો અને વિચારવા લાગ્યો.

અચાનક એક નાનકડો ગોળમટોળ દેડકો તેની બાજુમાંથી કૂદ્યો. તેનું નામ હતું ટીકુ. ઠંડા પવનમાં ટીકુ પણ ઠૂંઠવાતો હતો. તે ઝડપથી માટીમાં ખૂંપી સંતાવા લાગ્યો, જેથી આ કડકડતી ઠંડીથી બચી શકાય.

રે વાર્તા!
મનીષ સુથાર

લાલિયાએ ટીકુને પૂછ્યું, "ટીકુ, ટીકુ! ઊભો રહે! આજે આ શું થઈ રહ્યું છે? આજે આટલી ઠંડક કેમ છે?"

ટીકુએ ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું, "લાલિયા, તું ભલે બધાંયને જગાડે છે, પણ તું હજુય ઊંઘમાં હોય એમ લાગે છે! કશુંય થયું નથી, પણ ઠંડક આવી છે ઠંડક! એટલે હવે આમ જ ઝાકળબિંદુ ચમકશે! સૂરજદાદા વહેલા ઊંઘશે ને મોડા જાગશે! પવનમામા જોરથી ફૂંકાશે. ઠંડો વાયરો વાશે! આપણે હવે સંભાળીને રહેવું પડશે! કારણ કે, હવે ઠંડી આવી, ઠંડી આવી!

બંને મિત્રોએ એકસાથે આકાશ તરફ જોયું. ત્યાં જ ઉપર આકાશમાંથી એક રૂના ગોળા જેવું સફેદ વાદળું નીચે આવ્યું અને બોલ્યુંઃ

"હું છું ઠંડીની રાણી,
લઈ આવું હું ઝાકળ પાણી!"

લાલિયો અને ટીકુ પહેલાં તો ડરી ગયા, પણ પછી તેમને થયું કે આ ઠંડી તો બહુ મજેદાર વાતો કરે છે!

લાલિયો ઝડપથી દોડ્યો અને પોતાના ઘરમાં જઈને પોતાના બધા પીંછાં ફૂલાવી દીધા. પીંછાંનો ગોળો બનીને તે હૂંફ મેળવવા લાગ્યો. ટીકુએ જમીનમાં થોડી વધારે ઊંડી બખોલ બનાવી લીધી અને તે શાંતિથી અંદર બેસી ગયો.

લાલિયાએ જોરથી "કૂક-ડે-કૂ!" નો અવાજ કર્યો અને બધાં પશુ-પંખીઓને સંદેશો આપ્યો : 'ઠંડી આવી ગઈ છે, મજા કરો! મજા કરો!'

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# દિલ્હી બ્લાસ્ટ બાદ રાજયમાં રાષ્ટ્રવિરોધી તત્વોની શોધખોળનો ડીજીપીએ આદેશ આપ્યો

ગાંધીનગર,તા.૧૮

દિલ્હીમાં લાલ કિલ્લા પાસે કાર બોમ્બ વિસ્ફોટ અને ફરીદાબાદમાંથી વિસ્ફોટકો મળી આવ્યા બાદ, ગુજરાત પોલીસે રાજ્યમાં રાષ્ટ્રવિરોધી તત્વોની શોધખોળનો આદેશ આપ્યો છે. ડીજીપી વિકાસ સહાયે ગુજરાત પોલીસને છેલ્લા ૩૦ વર્ષમાં રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ માટે લોકો સામે નોંધાયેલા કેસોની સંખ્યાની વિગતો આપવા કહ્યું છે. સહાયે



પોલીસને ૧૦૦ કલાકનો સમય આપ્યો છે. ડીજીપી વિકાસ સહાયે જણાવ્યું હતું કે ગુજરાત એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડ દ્વારા શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ અને ત્યારબાદ ફરીદાબાદમાં વિસ્ફોટકો મળી આવ્યા બાદ દિલ્હી વિસ્ફોટોના પ્રકાશમાં આ આદેશ જાહેર કરવામાં આવ્યો હતો.

ડીજીપીએ તેમના આદેશમાં જણાવ્યું હતુ કે પોલીસ રિપોર્ટમાં રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓમાં અગાઉ નામ ધરાવતા વ્યક્તિઓની વર્તમાન પ્રવૃત્તિઓનો ખુલાસો કરવો જોઈએ. પોલીસ વડાનો આ નિર્દેશ એટીએસ દ્વારા આતંકવાદી હુમલાનું કાવતરું ઘડવાના આરોપમાં ત્રણ વ્યક્તિઓની ધરપકડ કર્યાના લગભગ એક અઠવાડિયા પછી આવ્યો છે.

ડીજીપીએ પ્લેટફોર્મ એક્સ પર શેર કરેલા એક વિડિયો સંદેશમાં જણાવ્યું હતું કે ૮ નવેમ્બરના રોજ, ગુજરાત એન્ટી-ટેરરિઝમ સ્ક્વોડે કેટલાક રાષ્ટ્રવિરોધી તત્વોની ધરપકડ કરી હતી અને તેમની પાસેથી શસ્ત્રો અને દારૂગોળો જપ્ત કર્યો હતો.

# ઉનાના વાંસોજ ગામની મહીલા બુટલેગરનો વિડિયો વાયરલ 'પોલીસને દારૂ વેચવા માટે હપ્તા આપવા પડે છે'

ઉના,તા.૧૮

ઉના પંથકના વાંસોજ ગામની એક મહિલા બૂટલેગરનો વિડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. આ વિડિયોમાં મહિલા કથિત રીતે નવાબંદર મરીન પોલીસને દારૂ વેચવા માટે હપ્તા આપવાનો હિસાબ ગણાવતી જોવા મળે છે. આ ઘટનાથી દારૂબંધીના અમલ પર ગંભીર સવાલો ઉભા થયા છે. વિડિયો વાઈરલ થતાં પોલીસ



પણ હરકતમાં આવી હોય તેમ બૂટલેગરોને ત્યાં રેડ પાડવાની તૈયારીઓ કરી રહી છે.વાઈરલ વિડિયોમાં મહિલા બૂટલેગર પોલીસકર્મીઓને દારૂ વેચવા માટે રૂપિયા આપતી હોવાનો ઉલ્લેખ કરે છે. તે ત્રણ હજારથી દસ હજાર રૂપિયા સુધીના હપ્તા આપતી હોવાનું જણાવે છે અને કેટલાક પોલીસકર્મીઓના નામનો પણ ઉલ્લેખ કરી રહી છે.

મહિલા વધુમાં દાવો કરે છે કે દર મહિનાની ૨૦ તારીખે પોલીસકર્મીઓ રૂપિયા લઈ જાય છે. દિવ-ઉના ચેકપોસ્ટથી લઈને બીટ જમાદાર અને ડી-સ્ટાફ સુધીના પોલીસકર્મીઓ આ હપ્તા લેતા હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. જોકે, આ વિડિયો ક્યારનો છે તે સ્પષ્ટ નથી. પરંતુ, જો જિલ્લા પોલીસ વડા દ્વારા આ પ્રકરણની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો ઉના પંથકમાં વિદેશી દારૂ વેચતા બૂટલેગરો પાસેથી લેવાતી હપ્તાખોરીનો પર્દાફાશ થઈ શકે છે. હાલ આ વિડિયો પોલીસ બેડામાં ચર્ચાનો વિષય બન્યો છે.

# સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર રૂ.૧.૪૨ કરોડનો ગાંજો પકડાયો

સુરત,તા.૧૮

સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર મોટી કાર્યવાહીમાં અધધ ૧.૪૨ કરોડની કિંમતનો ૪ કિલો જેટલો માદક પદાર્થ એટલે કે હાઈડ્રોપોનિક ગાંજો (હાઈબ્રિડ વીડ) જપ્ત કરાયો છે. આ માદક પદાર્થની હેરફેર કરવાના આરોપમાં બેંગકોકથી આવેલા એક મુસાફરની ધરપકડ પણ કરાઈ છે. નોંધનીય છે કે, આ કાર્યવાહી એરપોર્ટ પર કસ્ટમ્સ



વિભાગ,સીઆઈએસએફ અને સુરત ક્રાઈમ બ્રાન્ચની સંયુક્ત ટીમે બાતમીને આધારે હાથ ધરી હતી, જેમાં હાલ તમામને સફળતા મળી છે.મળતી માહિતી મુજબ, પકડાયેલા આરોપીની ઓળખ જાફર અકબર ખાન તરીકે થઈ છે, જે એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ આઈએક્સ-૨૬૩માં સીટ નંબર ૨૭C પર બેસીને બેંગકોકથી સુરત આવ્યો હતો. જે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પહોંચતાં જ પોલીસને પહેલાથી જ મળેલી બાતમીને આધારે સીઆઈએસએફ અને કસ્ટમ વિભાગની મદદથી તપાસ શરૂ કરી હતી.

# પ્રેમી સાથે લગ્ન કરવાના ઈરાદે સગીરાએ માતા-પિતાને મારવાનો પ્લાન બનાવ્યો

અમદાવાદ,તા.૧૮

અમદાવાદ શહેરના પોશ વિસ્તારમાં રહેતી અને ધોરણ ૧૦માં અભ્યાસ કરતી ૧૫ વર્ષીય સગીરા સોશિયલ મીડિયા થકી એક ૨૦ વર્ષીય યુવકના સંપર્કમાં આવી હતી અને તે ધીરેધીરે આ દોસ્તી પ્રેમસંબંધમાં પરિવર્તિત થઈ. આ પ્રેમપ્રકરણનો ભાંડો ત્યારે ફૂટ્યો જ્યારે પિતાએ અકસ્માતે સગીરાનો મોબાઈલ ચેક કર્યો અને પ્રેમી સાથેની ચેટ્સ વાંચી લેતા પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પ્રેમી સાથે લગ્ન કરવાની જીદમાં સગીરાએ પોતાના રસ્તામાં અડચણરૂપ બનતા માતા પિતાને માર્ગમાંથી કાઢી નાંખવાનો પ્લાન બનાવ્યો હતો. બે દિવસ પહેલા જ ઝેરની બોટલ ખરીદીને પોતાની પાસે રાખી હતી. માતા-પિતા પ્રેમલગ્ન માટે તૈયાર ન થતાં, તેમણે ભોજનમાં ઝેર નાખી દેવાનો ઘાતક પ્લાન બનાવ્યો હતો. બનાવના દિવસે માતા રસોઈ બનાવીને બાથરૂમમાં ગયા હતા. આ તકનો લાભ લઈને સગીરાએ પોતાની બેગમાં સંતાડેલી ઝેરની બોટલ કાઢી અને ઘરમાં તૈયાર કરેલા ભોજનમાં ઝેર ભેળવી દીધું. જોકે, સગીરા ઝેરની બોટલ રસોડામાં જ મૂકીને જતી રહી હતી, જેના કારણે માતાની નજર બોટલ પર પડતા ભાંડો ફૂટ્યો હતો.ઝેરની બોટલ જોઈને માતાને શંકા ગઈ અને તેમણે દીકરીની પૂછપરછ કરી. ત્યારે સગીરાએ ચોંકાવનારી કબૂલાત કરી અને જણાવ્યું કે, "તમે મને પ્રેમ લગ્ન નથી કરાવતા તેથી તમને ઝેર આપીને હું પ્રેમી સાથે લગ્ન કરી લઈશ.


-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

રૂબરૂ સુનાવણી નોટીસ

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૭૮/૨૦૨૫ તા. ૨૮/૧૦/૨૦૨૫

અરજદારશ્રી:- ૧. કાળુભાઈ નરશીભાઈ સાવલીયા
રહે. સિમરણ તા. સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી, સીમરણ તા. સાવરકુંડલા

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્ર વિજયભાઈ કાળુભાઈ સાવલીયાનો જન્મ તા.૦૨/૦૭/૧૯૮૮ ના રોજ મુ.સિમરણ તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા


# બિહારમાં NDAના વિજયમાં R.S.S.ની મહત્વની ભુમિકા

પટના,તા.૧૮

બિહાર વિધાનસભા ચૂંટણીમાં એનડીએ ગઠબંધને જંગી વિજય મેળવ્યો છે. NDA એ રાજ્યમાં ૨૪૩ માંથી ૨૦૨ બેઠકો જીતી છે અને સત્તા જાળવી રાખી છે. બિહારમાં નવી એનડીએ સરકાર બનાવવાની પ્રક્રિયા ચાલી રહી છે. નોંધનીય છે કે બિહારમાં NDA ની જીતમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે એ પણ મુખ્ય ભૂમિકા ભજવી હોવાનું માનવામાં આવે છે. આરએસએસની સક્રિય ભાગીદારીએ બિહારમાં ભાજપની સ્થિતિને નોંધપાત્ર રીતે વધારી છે. બિહારમાં,આરએસએસ અને તેના સહયોગી સંગઠનોએ આશરે ૨૦ લાખ યુવાનો પર ધ્યાન કેન્દ્રિત કર્યું. આરએસએસએ પાયાના મતદારો અને નવા મતદારોને મતદાન મથકો તરફ આકર્ષવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. આરએસએસએ વારંવાર ૧૦૦% મતદાનની હિમાયત કરી, અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકરો ૧૦૦% મતદાન અભિયાનમાં ભારે સામેલ હતા.


તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૧૮૮/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી રમેશભાઈ મનજીભાઈ ભાલાળા
સરનામું :- મુ. દાંતરડી, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - દાંતરડી, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના દાંતરડી મુકામે ના શ્રી રમેશભાઈ મનજીભાઈ ભાલાળા એ તેમના પુત્રી નામે શ્રી મનસ્વી રમેશભાઈ ભાલાળા નો જન્મ તા.૦૧/૦૧/૨૦૦૫ ના રોજ રાજુલા તાલુકાના દાંતરડી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓકટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

તાલુકા એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

૧૪૯/૨૦૨૫

અરજદાર : કલસરિયા મુકેશભાઈ ભોળાભાઈ ઉ.વ.આ.પુખ્ત
ધર્મે-હિન્દુ, ધંધો-મજુરી, રહે.૧૨૯ ધ્રુવપાર્ક સોસાયટી જ્ઞાન જ્યોત સ્કૂલની પાસે ગોડાદરા ચોર્યાસી સુરત

વિરૂધ્ધ

સામેવાળા : તલાટી કમ મંત્રીશ્રી,
-વ-
જન્મ - મરણ નોંધણી અધિકારીશ્રી,
મુ. કોટડી, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના કોટડી ગામના શ્રી કલસરિયા અક્ષય મુકેશભાઈ નો જન્મ તા.૧૫/૦૯/૨૦૦૯ ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી નરશી વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, વિરોધ કે તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધો તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૩૦ માહે. ૧૦ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ :
તારીખ :
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ
રાજુલા

રાજુલા મહે.મામલતદાર-વ-તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.રાજુલા

જન્મ અરજી નં. ૪૭૦/૨૪

અરજદારનુ નામ : શંભુભાઈ દુદાભાઈ બારૈયા
ઉ.વ.આ.૪૩ ધંધો-મજુરી, ધર્મે-હિન્દુ,
સરનામું : રહે.દિપડીયા, તા.રાજુલા, જિ.અમરેલી

વિરૂધ્ધ

સામેવાળા : જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર સાહેબ,
-વ-
તલાટી કમ મંત્રી સાહેબ, ગ્રામ પંચાયત કચેરી, દિપડીયા.
મુ. દિપડીયા, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના મોજે દિપડીયા ગામે રહેતા શંભુભાઈ દુદાભાઈ બારૈયાએ તેમના પુત્ર નામે-સાહિલ શંભુભાઈ બારૈયાનો જન્મ મોજે. દિપડીયા મુકામે તા.૩૦/૦૧/૨૦૨૧ ના રોજ થયેલ છે તે મતલબની નોંધ કરાવવા તેમના વકીલશ્રી જય આર.બારૈયા તથા કુ.દયાબેન ટી.સોજીત્રા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ દફતરે કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધો તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૦૫/૦૩/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તારીખ : ૨૫/૦૩/૨૦૨૫
સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

રાજુલાના મહે. એકિઝકયુટિવ મેજી. સાહેબની કોર્ટમાં, મુ. રાજુલા

ફો.પરચ.અનં.૧૫૫/૨૦૨૫

અરજદાર : બારૈયા લખમણભાઈ લાખાભાઈ ઉ.વ.આ.પુખ્ત
ધર્મે-હિન્દુ, ધંધો-ખેતી/મજુરી,
રહે.ચાંચ, તા.રાજુલા, જી.અમરેલી મો.૮૯૮૦૪૮૧૦૨૩

વિરૂધ્ધ

સામેવાળા : તલાટી કમ મંત્રીશ્રી,
-વ-
જન્મ - મરણ નોંધણી અધિકારીશ્રી,
ગ્રામ પંચાયત - ચાંચ

-:: નોટિસ ::-

આથી લાગતા વળગતાને તમામને આ જાહેર નોટિસથી જાહેર કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ચાંચ ગામના શ્રી બારૈયા દેવણબેન લાખાભાઈ ની મરણ તા.૧૦/૦૬/૨૦૦૯, તેમજ મારા ભાઈ બારૈયા બિજલભાઈ લાખાભાઈ ની મરણ તા.૧૧/૦૭/૨૦૧૯ ના રોજ અવસાન થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી નરશી વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના અવસાન નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધો તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.........માહે.......સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ :
તારીખ :
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ
રાજુલા

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૧૭૬/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી રવજીભાઈ કાળાભાઈ બાંભણીયા
સરનામું :- મુ. સમઢીયાળા નં-૧, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - સમઢીયાળા નં-૧, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના સમઢીયાળા નં-૧ મુકામે ના શ્રી રવજીભાઈ કાળાભાઈ બાંભણીયા એ તેમના માતા નામે સ્વ.દિવાળીબેન કાળાભાઈ બાંભણીયા નું મરણ તા.૧૬/૧૦/૨૦૨૧ ના રોજ રાજુલા તાલુકાના સમઢીયાળા નં-૧ મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓકટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૧૭૭/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ડોબરિયા લવજીભાઈ દુર્લભભાઈ
સરનામું :- મું ચારોડીયા, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ચારોડીયા, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ચારોડીયા મુકામે ના શ્રી ડોબરિયા લવજીભાઈ દુર્લભભાઈ એ તેમના માતા નામે સ્વ.ડોબરિયા નાનબાઈબેન દુર્લભભાઈ નું મરણ તા.૨૩/૦૪/૨૦૦૭ ના રોજ રાજુલા તાલુકાના ચારોડીયા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓકટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૧૮૬/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી માવજીભાઈ કાનાભાઈ શિયાળ
સરનામું :- મુ. વિસળીયા, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - વિસળીયા, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના વિસળીયા મુકામે ના શ્રી માવજીભાઈ કાનાભાઈ શિયાળ એ તેમના પુત્રી નામે શ્રી શિતલ માવજીભાઈ શિયાળ નો જન્મ તા.૧૫/૧૦/૨૦૧૦ ના રોજ રાજુલા તાલુકાના વિસળીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૧૮૭/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ચૌહાણ ભરતભાઈ રાજાભાઈ
સરનામું :- મુ. ખેરા, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી ચૌહાણ ભરતભાઈ રાજાભાઈ એ તેમના પુત્ર નામે ચૌહાણ દિનેશ ભરતભાઈ નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૯ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૨૦૩/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી જાદવ કાળુભાઈ જીણાભાઈ
સરનામું :- રહે. મોરંગી, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - મોરંગી, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના મોરંગી મુકામે ના શ્રી જાદવ કાળુભાઈ જીણાભાઈ એ તેમના પુત્રી નામે જાદવ મનિષાબેન કાળુભાઈ નો જન્મ તા.૧૪/૦૫/૨૦૧૩ ના રોજ રાજુલા તાલુકાના મોરંગી મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૧૯૩/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી ઓધવજીભાઈ અમરાભાઈ શિયાળ
સરનામું :- રહે. ચાંચ, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ચાંચ, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ચાંચ મુકામે ના શ્રી ઓધવજીભાઈ અમરાભાઈ શિયાળ એ તેમના પિતા નામે સ્વ.અમરાભાઈ નાનભાઈ શિયાળ નું મરણ તા.૧૦/૦૪/૧૯૭૨ ના રોજ રાજુલા તાલુકાના ચાંચ મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૨૧૩/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી નરશીભાઈ નગાભાઈ બાંભણીયા
સરનામું :- રહે. સમઢીયાળા-૧, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - સમઢીયાળા-૧, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના સમઢીયાળા-૧ મુકામે ના શ્રી નરશીભાઈ નગાભાઈ બાંભણીયા એ તેમના માતા નામે સ્વ.ગોમતીબેન નગાભાઈ બાંભણીયા નું મરણ તા.૨૦/૦૬/૨૦૧૩ ના રોજ રાજુલા તાલુકાના સમઢીયાળા-૧ મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ અરજી નંબર. ૨૧૮/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી રાવળ લાલજીભાઈ જેરામભાઈ
સરનામું :- રહે. ડુંગર, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ડુંગર, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ડુંગર મુકામે ના શ્રી રાવળ લાલજીભાઈ જેરામભાઈ એ તેમની પોતાનો જન્મ તા.૧૫/૦૮/૧૯૭૬ ના રોજ રાજુલા તાલુકાના ડુંગર મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી એન.વી.બારૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૩૦ માહે. ઓક્ટોમ્બર સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૩૦/૧૦/૨૦૨૫
કોર્ટનો સિક્કો
સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## પીઠવાજાળ ગામના માજી સરપંચ ભીખાભાઈ દેસાઈનું નિધન થતા

# અમરેલી ખાતે દેસાઈ પરિવારને સાંત્વના પાઠવતા રાજકિય, સામાજિક આગેવાનો



અમરેલી,તા.૧૮

અમરેલી તાલુકાના પીઠવાજાળ ગામના માજી સરપંચ ભીખાભાઈ દેસાઈનું શનિવારના રોજ દુઃખદ નિધન થયુ હતુ. સંજોગ ન્યૂઝ પરિવારના નિલેશભાઈ અને સુરેશભાઈ દેસાઈના પિતાશ્રીના નિધનના સમાચાર મળતા પત્રકાર જગતમાં પણ શોકનો માહોલ છવાયો હતો. દેસાઈ પરિવાર પર આવી પડેલી દુઃખની ઘડીમાં રાજકિય, સામાજિક અને પત્રકાર જગતના લોકોએ સાંત્વના પાઠવી હતી. અત્રે નોંધનીય છે કે, સ્વ.ભીખાભાઈ દેસાઈ સન ૧૯૭૭થી ૧૯૮૨ સુધી પીઠવાજાળ ગામના સરપંચ તરીકે સેવા આપી હતી તત્કાલિન સમયે ગામના અણઉકેલ પ્રશ્ને જિલ્લા અને તાલુકા પંચાયતમાં સતત રજૂઆત કરતા હતા તેમજ ૨૦ વર્ષ પહેલા પીઠવાજાળ સેવા સહકારી મંડળીના પ્રમુખ તરીકે પણ સેવા આપી હતી.

# મોડાસા નજીક ચાલતી એમ્બ્યુલન્સમાં આગ લાગતા નવજાત સહિત ચાર લોકો ભડથુ

મોડાસા,તા.૧૮

મોડાસા નજીક રાણાસૈયદ ચોકડી પાસે સોમવારે મોડીરાત્રે એક અત્યંત કરુણ દુર્ઘટના બની છે. ધનસુરા તરફ જતા રોડ પર પેટ્રોલપંપની સામેથી પસાર થઈ રહેલી એક એમ્બ્યુલન્સમાં અચાનક કોઈ અગમ્ય કારણોસર આગ લાગી હતી, જેમાં સારવાર માટે લઈ જવાતા નવજાત સહિત લોકો જીવતાં



ભડથું થઈ ગયા હતાં. અમદાવાદ તરફ જતી અરવલ્લી કલેક્ટર અને જિલ્લા પોલીસ વડા ઘટનાસ્થળે દોડી ગયા હતા. અરવલ્લી જિલ્લા કલેક્ટરે ઘટના અંગે પ્રતિક્રિયા આપી હતી અને તેમણે જણાવ્યું હતું કે, આગ લાગવાનું પ્રાથમિક કારણ એમ્બ્યુલન્સમાં ઓક્સિજન સિલિન્ડર ફાટવાનું હોઈ શકે છે. પ્રાપ્ત પોલીસસૂત્રોની માહિતી મુજબ મહીસાગર જિલ્લાના લુણાવાડાના રહેવાસી જિજ્ઞેશભાઈ મહેશભાઈ મોચીના તાજા જન્મેલા બાળકને વધુ સારવાર માટે મોડાસાની રિચ હોસ્પિટલથી અમદાવાદની ઓરેન્જ હોસ્પિટલ ખાતે લઈ જતાં હતાં, ત્યારે આ ગોઝારી ઘટના બની હતી.

# ભાવનગરમાં પત્ની અને બાળકોના મર્ડર કેસમાં પતિ નીકળ્યો આરોપી

ભાવનગર,તા.૧૮

ભાવનગર શહેરના ચકચારી પત્ની અને બાળકોની હત્યાના મામલે હવે પતિ ખુદ ફરીયાદીમાંથી ગુનેગાર બની ગયો છે. પતિએ જ પત્ની અને બાળકોની તકીયાથી મોઢું દબાવી નિર્મમ હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. આ બાદ મૃતદેહોને ખાડામાં નાખી દીધા હતા અને ખાડો પૂરાવી દીધો હતો. ફોરેસ્ટ અધિકારીની પોલીસ દ્વારા પૂછપરછ કરવામાં આવતા તેણે જ હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. ભાવનગર શહેરના ચકચારી ફોરેસ્ટ અધિકારીના પત્ની અને બાળકો ગુમ થયાના મામલામાં તેના મૃતદેહ મળ્યા બાદ સરકાર તરફથી પોલીસ દ્વારા ફોરેસ્ટ અધિકારી સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસ દ્વારા ફોરેસ્ટ અધિકારી



સામે ગુનો દાખલ કરીને તેની અટક કરી પૂછપરછ કરતા સમગ્ર ઘટના ઉપરથી પડદો ઉંચકાવા પામ્યો છે. આખરે શું ઘટના બની હતી અને કઈ રીતે પોલીસને પણ ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન થયો તેના કારણો સામે આવ્યા છે.ભાવનગર જિલ્લાના ડીએસપી નિતેશ પાંડે જણાવ્યું હતું કે, ટ્રિપલ મર્ડરમાં ભરતનગરમાં સરકાર તરફથી ફરિયાદ કરવામાં આવી છે. તેમાં મુખ્ય આરોપી શૈલેષ ખાંભલાની પૂછપરછ કરી અટકાયત કરાઈ છે.





